


રેંટિયાનું
શાસ્ત્ર

સ્ટવનું શાસ્ત્ર



૩૪

શ્રી સાહિત્ય મંદિર, સુરત

આવૃત્તિ બીજી

પ્રત ૧૦૦૦

ઈ. સ. ૧૯૩૯

સંવત ૧૯૯૫

તમારી

સખીઓ

બહેનો

પુત્રીઓ

વહુઓ

સૌ કોઈને સ્ત્રી:શક્તિ

ગ્રંથમાળાનાં પુસ્તકોજ

ભેટ આપો.

ઇશ્વરલાલ વીમાવાળાનું
સ્ત્રી:શક્તિ કાર્યાલય
કેળાપીઠ, સુરત.

દેશબંધુ મુદ્રણાલય, કેળાપીઠ, સુરતમાં ઇશ્વરલાલ એમ. વીમાવાળાએ છાપ્યું અને ત્યાંથીજ પ્રગટ કર્યું.

પ્રસ્તાવના

(પહેલી આવૃત્તિની)

સ્ટવનો ભોગ થતી ગુજરાતી બહેનોના કિસ્સા વધવા માંડયા ત્યારથીજ અમારી એવી ઈચ્છા હતી, અને ઘણા ભાઈની પણ એવી આગ્રહભરી માંગણી હતી કે સ્ત્રી–ઉપયોગી ગ્રંથમાળામાં એકાદ પુસ્તક સ્ટવને વિશેનું યથાસ્થિત જ્ઞાન આપનારૂં હોવું જ જોઇએ.

તે પરથી અમે આ નાનકડી પુસ્તિકા ગુજરાતના એક અનુભવી વિજ્ઞાનશિક્ષક શ્રી નવનીતલાલ મહેતા B. sc. પાસે લખાવી છે. એમણે એમાં સ્ટવનાં શાસ્ત્ર વિશે બને તેટલી ઝીણવટથી સમજૂતી આપી છે. અને, સ્ત્રી જાતને જેની સાથે માથાં સાથે કાન જડેલા છે એવા એ ભયંકર અગ્નાસ્ત્ર સામે બહેનોએ કયે કયે પ્રકારે સંભાળીને વર્તવું તે પણ એમણે સમજાવ્યું છે.

આશા છે કે ગુજરાતી બહેનોને આ પુસ્તિકા સારી મદદગાર થઇ પડશે.

કાન્તા વીમાવાળા


'પીન'નો બહિષ્કાર

એક વાર વિલ્સન કોલેજની બોડીંગમાં હું રહેતો હતો. ત્યારે રોજ બે વાર સ્ટવ પર ચ્હા બનાવતો. લગભગ છ મહિના સુધી એ સ્ટવ મારેજ હાથે સળગ્યો હતો. પરંતુ એને એક પણ વાર પીન કરવી પડી નહોતી. એ કેવી રીતે બન્યું ?

આ રીતેઃ—પહેલાં સ્ટવની પવન ચાવી બંધ કરો. એક બે પંપ મારો. નીપલ પર સ્હેજ તેલ આવતું દેખાય કે તેને દિવાસળી ચાંપો. બસ. સ્ટવ આપોઆપ સળગી જશે. વચમાં હવાની ચાવી બીલકુલ ખોલવી નહિ. તેમ કરશો તો નીપલના કાણામાં મેસ બાઝશે અને તેને કાઢવા માટે પીન કરવી પડશે. બે પંપ માર્યાથી જે તેલનો પ્રવાહ ચાલૂ થયો હોય તે કાયમજ રહેવો જોઇએ. તો નીપલમાં કદિ મેસ બાઝશે નહિ.

સ્ટવ હોલવતી વખતે એકદમ હવા ચાવી ખોલી નાંખવી. હવા ધીમે ધીમે નીકળે એવી રીતે ચાવી અધખોલી રાખવી નહિ. આમ કરશો તો સ્ટવને કદિ પીન કરવી પડશે નહિ. પછી બગડવાની તો વાત જ ક્યાં ?

ઇશ્વરલાલ વીમાવાળા



૧-૩૨ ના છૂટક ભાગો



પ્રકરણ ૧ લું

સ્ટવના જુદા જુદા ભાગો

૧ ક્રોસ બર્નર

૨ ક્રોસ બર્નર (અવાજ ન કરે એવું)

૩ ભડકાની રીંગ

૪ શાંત બર્નર ઉપરનું ઢાંકણું

૫ શાંત બર્નરની અંદરની વાડકી

૬ શાંત બર્નરની અંદરની કાણાવાળી વાડકી

૭ બર્નરની નીપલ

૮ બર્નરની નળી

૯ સ્પિરિટની વાડકી

પંપના ભાગો

(નંબર ૧ તથા ૧૦૦ બંનેના)

૧૦ આખો પંપ

૧૧ પંપનો દાંડો

૧૨ પંપનો નોબ (માથું–ઉપરનો હેન્ડલ)

૧૩ પીસ્ટન સંપૂર્ણ (વાઈસરવાળો ભાગ)

૧૪ ચામડાનું વાઈસર

૧૫ પંપની વાલ્વ

૧૬ વાલ્વની સ્પ્રીંગ

૧૭ પંપનું ઢાંકણું

૧૮ ટાંકીમાં ગ્યાસતેલ પૂરવાનું ઢાંકણું (બે જાતનું)

૧૯ ઉપલા ઢાંકણામાંનું વાઈસર

૨૦ હવા નીકાલવાનો સ્ક્રુ

૨૧ હવા નીકાલવાનો સ્ક્રુ

(૧૦૦ નંબરના ભાગો)

૨૨ વેપરાઈઝીંગ ટ્યુબ (નળી)

૨૩ વેપર ટ્યુબનું વાઈસર

૨૪ બર્નરનું ફુલ

૨૫ બર્નરની ઢાંકણી

૨૬ પીત્તળની જાળી અથવા ચાળણી

સાધનો

૨૭ પીન

૨૮ નીપલ ફેરવવાની ચાવી

૨૯ પંપના વાલ્વ કાઢવાની ચાવી.

૩૦ બર્નર બદલવા માટેની ચાવી (૧ નંબર માટે) (સ્પેનર)

૩૧ બર્નર બદલવાની ચાવી (૧૦૦ નંબર માટે)

૩૨ સ્ટવની ટાંકી.

સ્ટવના પગ તથા ઉપરની જાળી અહીં બતાવ્યાં નથી.

પ્રકરણ બીજું

ભાગોની રચના

૧) ક્રોસ બર્નરની બરાબર નીચે સ્પિરિટની વાડકી આવી છે. સ્પિરિટ સળગવાથી ક્રોસ બર્નર તપે છે. તેથી તેમાં જે તેલ દાખલ થાય છે, તે વાયુ (Gas) રૂપમાં ફેરવાય છે. આ બર્નર સળગે છે ત્યારે અવાજ થાય છે.

૨) શાંત બર્નર. આ બર્નર સળગે છે ત્યારે અવાજ થતો નથી. આમાં પણ તેલનો વાયુ બને છે. પણ ઉપલી બનાવટને લીધે અવાજ થતો નથી.

૩) ક્રોસ બર્નરમાં આ ભડકાની રીંગ એક ગોળ કડીની ઉપર રહે છે. આ રીંગને લીધે ભડકો ગોળ આકારમાં રહે છે.

૪) શાંત બર્નરમાં નીપલ(નં. ૭)માંથી ગેસની જે ધાર નીકળે છે તે આ નં. ૪ની ઢાંકણીના તળિયામાં અથડાઈને ચારે બાજુ પ્રસરે છે.

૫) ઉપલી ઢાંકણીની નીચે આ કાણુંવાળી વાડકી

હોય છે. એમાંના વચલા કાણામાં થઈને ગેસની ધાર નં. ૪ની ઢાંકણી સાથે અથડાય છે.

૬) નં. ૬ની વાડકી, નં. ૫)ની વાડકી જેવીજ હોય છે. પણ તેમાં બાજુ પર ઝીણાં કાણાંઓની હાર હોય છે. સ્ટવ સળગે છે ત્યારે આ દરેક કાણામાંથી ગેસ બહાર નીકળે છે. તેથી દરેક કાણા આગળ ઝીણો ઝીણો ભડકો થાય છે. તે મોતીની માળા જેવો દેખાય છે.

૭) નીપલ એ સ્ટવનો અગત્યનો ભાગ છે. એને ક્રોસ બર્નરમાં બેસાડેલી હોય છે. ક્રોસ બર્નરમાંથી આવતો ગેસ નીપલમાં થઈને આવે છે. નીપલમાં એક ઝીણું કાણું હોય છે તે વાટે તે ગેસ ઝીણી ધારના રૂપમાં બહાર નીકળે છે. કાણામાં કચરો ભરાય ત્યારે પીનથી કહાડવો પડે છે.

૮) નં. ૮ની નળી તેલની ટાંકીમાં બેસાડેલી હોય છે. થોડો ભાગ ટાંકીની અંદર હોય છે. થોડો બહાર હોય છે. નં. ૩૨ના ચિત્રમાં આ બતાવેલું છે. આ નળી વાટે તેલ ઉપર ચઢે છે. આ નળી સામે ક્રોસ બર્નર જોડવામાં આવે છે. ફેર ચઢાવતી વખતે નં. ૨૩ જેવું એક ગોળ વાઇસર નળી અને ક્રોસ બર્નરની વચ્ચે રાખવામાં આવે છે. તેથી સાંધામાંથી તેલ કે ગેસ બહાર નીકળે નહિ.

૯) નં.૯ની વાડકી સ્પિરિટની છે. તેમાં સ્પિરિટ ભરી સળગાવવાથી ક્રોસ બર્નર તપે છે. તેથી બર્નરમાંનું તેલ વાયુ રૂપમાં ફેરવાઈ જાય છે. આ વાડકી નં. ૮ની નળી

પર બેસાડવામાં આવે છે.

૧૦) પંપ એ બીજો અગત્યનો ભાગ છે. તેમાં એક પીત્તળની નળી છે. એ નળીને અંદરને છેડે એક વાલ્વ (નં. ૧૪) જોડેલો હોય છે. આ વાલ્વમાં થઈને પંપમાંની હવા ટાંકીમાં જાય છે. પણ બહાર નીકળી શકતી નથી. આખો પંપ ટાંકીમાં હવા ભરવા માટે છે.

૧૧) નં. ૧૧નો દાંડો પંપમાં હોય છે. તેને એક છેડે નોબ (હેન્ડલ) અને બીજે છેડે પીસ્ટન હોય છે.

૧૨) નોબને પંપના દાંડા સાથે ફેરથી બેસાડેલો હોય છે. તેનો ઘાટ હાથમાં પકડવા માટે ફાવે તેવો હોય છે, આ ભાગ પકડીને પંપ કરવાનો હોય છે.

૧૩) પીસ્ટન. એ પંપની અંદર દાંડાને લગાવેલો હોય છે. ચિત્રમાં વાઇસરની ઉપર એક પાસાવાળી ચાકી અને વાઇસરની અંદર ગોળ ચાકી છે. આ ગોળ ચાકી ઉપર એક નાની પોલી નળી હોય છે. તે નળીને બહાર-ના ભાગ પર આંટા પાડેલા હોય છે. આ નળી વાઇસ-રના કાણામાં પોરવીને પછી ઉપરની પાસાવાળી ચાકી (નટ) બેસાડી દેવી. એટેલે પીસ્ટન તૈયાર થાય છે. એક વાઇસર બગડી જાય, ત્યારે બીજું વાઇસર આ રીતે મૂકી શકાય છે. આખા પીસ્ટનમાં વચ્ચે કાણું હોય છે. તેમાં દાંડાનો ભાગ દાખલ કરી છેડે એક નાની ચાકી બેસાડીને પીસ્ટનને દાંડા સાથે જોડવામાં આવે છે.

૧૪) ઉપર જણાવેલું આમડાનું વાઇસર મોટા કૂવામાં

રૂઢું બતાવેલું છે.

૧૫) નં. ૧૫ની વાલ્વ પંપના અંદરને છેડે બેસાડેલી હોય છે. પંપના દાંડાથી હવા અંદર મોકલીએ, તે હવા આ વાલ્વના ચાકીવાળા છેડા ઉપરથી વાલ્વમાં દાખલ થઇને ઉપર કાણું દેખાય છે, તેમાંથી બહાર નીકળે છે. એટલે આ ભાગ ટાંકીમાં હોવાથી ટાંકીમાં હવા ભરાય છે. આ ભાગને એવી રીતે બનાવેલો હોય છે કે ટાંકીમાંની હવા બહાર નીકળી શકતી નથી.

૧૬) આ સ્પ્રીંગ વાલ્વ ઉપર હોય છે.

૧૭) પંપની નળીના મ્હોંડા ઉપર આ ઢાંકણું હોય છે. તેમાંના કાણામાંથી પંપનો દાંડો આવ-જા કરે છે. દાંડો કાણામાં પસાર કરીને પછીજ દાંડા પર નોબ (હેન્ડલ) બેસાડવામાં આવે છે.

૧૮) ટાંકીમાં તેલ પૂરવાના મ્હોડા ઉપર આ ઢાંકણું બેસાડેલું હોય છે. તેલ પૂર્યા પછી તેને સજ્જડ દેવું જોઇએ. આ નંબરમાં બે જાતનાં ઢાંકણાં બતાવ્યાં છે.

૧૯) ઉપલા ઢાંકણામાં ગોળ ટીકડી જેવું વાઇસર હોય છે. તે દબાયાથી ટાંકીમાંની હવા આ ઢાંકણાના ફેરની તરડમાંથી નીકળી શકતી નથી.

૨૦) સ્ટવ સળગતો હોય તે હોલવવા માટે આ ચાવી વપરાય છે. આ ચાવીના છેડા ઉપર અણીવાળો ભાગ દેખાય છે. તે અણી, જ્યારે પૂરી ચાવી દીધી હોય ત્યારે અંદરના એક કાણામાં સખત બેસી જાય છે. તેથી અંદરની હવા બહાર નીકળી શકતી નથી. જ્યારે ચાવી

ઉઘાડીએ છીએ ત્યારે એ અણી તે કાણામાંથી બહાર નીકળે છે. તેથી નીચલી તરડમાંથી હવા બહાર આગળ આવીને, જે નળીમાં આ ચાવી રહે છે, તે નળીના કાણામાંથી (હવા) બહાર નીકળે છે.

૨૧) કેટલાક સ્ટવમાં હવા નીકાલવાનો સ્ક્રુ આવો હોય છે.

૨૨) નં. ૧૦૦ના સ્ટવમાં ટાંકી સાથે આ નળી જોડેલી હોય છે. એને વેપરાઇઝીંગ ટ્યુબ કહેવામાં આવે છે. એના ઉપર સ્પીરીટની વાડકી પોરવેલી હોય છે. સ્પિરિટ બળવાથી તેના તાપથી આ નળી તપે છે. તેથી અંદરથી આવતું ગ્યાસતેલ, વાયુ રૂપમાં ફેરવાય છે. વાયુ ઉંચો જાય છે. આ નળીના ઉપરના ભાગમાં એક ઝીણું કાણું હોય છે. તે નીપલની ગરજ સારે છે.

૨૩) ઉપલી નળીને ટાંકી સાથે જોડતી વખતે વચ્ચે આવું વાઇસર મૂકવામાં આવે છે. તે ગ્યાસતેલ અથવા વાયુને બહાર નીકળતો અટકાવે છે.

૨૪) બાવીસ નંબરની નળી ઉપર આ કુલ બેસા-ડવામાં આવે છે. આ કુલને ઉપરના ગોળ ભાગમાં ચાર ખાંચા હોય છે.

૨૫) આ ખાંચાઓમાં નં. ૨૫ની ઢાંકણીના ચાર હાથ રહે છે. બાવીસ નંબરની નળીમાંથી નીકળતી ગેસની ધાર આ ઢાંકણી સાથે અથડાય છે. ગેસ પથ-રાઇને ઢાંકણી અને કુલની વચ્ચેના ગાળામાંથી બહાર નીકળે છે અને સળગે છે.

૨૬) પીત્તળની જાળીને વીંટાની માફક વાળીને તે બાવીસ નંબરની નળીમાં ઉભી રાખેલી હોય છે. આ-માંથી તેલ પસાર થતાં, કંઇ કચરો હોય તો તે જાળીમાં અટકી પડે છે. અને તેલની વરાળ પણ અહીં બને છે. તે ચળાઇને ઉપર જાય છે.

૨૭) એક નંબરના સ્ટવમાં નીપલમાં કચરો ભરાય ત્યારે આવી પીન તે નીપલના કાણામાં દાખલ કરવાથી કચરો નીકળી જાય છે. નં. ૧૦૦ના સ્ટવમાં નં. ૨૨ની નળીમાં ઉપર જે કાણું છે, તેમાં પણ પીન કરવાથી કચરો નીકળી જાય છે. નં. ૧૦૦ ના સ્ટવની પીન પાતળા તારની હોય છે. બીજા ઘાટની પીનો આવે છે. તેમાં એક તાર ભાંગવાથી બીજો તેજ નંબરનો એટલે તેટલોજ પાતળો તાર મૂકી શકાય છે.

૨૮) આ ચાવી વડે એક નીપલ કહાડી બીજી નીપલ મૂકી શકાય છે. તેની વિગત આગળ ઉપર આપવામાં આવશે.

૨૯) પંપની અંદરની વાલ્વ (નં. ૧૫) બગડી હોય ત્યારે તેને કહાડવા અથવા નવી મૂકવા આવી ચાવી વપરાય છે.

૩૦) એક નંબરના ક્રોસ બર્નરને નળી સાથે બેસાડવા માટે આ ચાવી (સ્પેનર) વપરાય છે.

૩૧) સો નંબરના સ્ટવમાં વેપરાઇઝીંગ ટયુબ બેસાડવા માટે આ ચાવી વપરાય છે.

૩૨) તેલની ટાંકી, જેની રચનાનું વર્ણન આગળ ઉપર આપવામાં આવ્યું છે.

પ્રકરણ ૧ લું.

કેટલાક વિજ્ઞાનના સિદ્ધાંતો

૧) લગભગ દરેક પદાર્થ ઘનમાંથી પ્રવાહીમાં અને પ્રવાહીમાંથી વાયુરૂપમાં ફેરવી શકાય છે. તેમજ વાયુરૂપ-માંથી પ્રવાહી તથા ઘનમાં ફેરવી શકાય છે. ફેર માત્ર વધારે અથવા ઓછી ગરમી લગાડવાનો છે.

દાખલા તરીકે પાણી પ્રવાહી છે, તેને ઠંડુ કરીએ તો—એટલે કે તેની ગરમી ઓછી કરીએ તો, તે બરફ બની જાય છે. એટલે ઘન બને છે. તેને ગરમ કરીએ તો પ્રવાહી રૂપમાં પાણી બને છે અને તેને ૧૦૦ ડીગ્રી સુધી ગરમ કરીએ તો વરાળ રૂપમાં ફેરવાય છે.

કેરોસીન પણ તપે છે ત્યારે વાયુરૂપમાં ફેરવાય છે. એક નંબરનું બર્નર તપેલું હોય છે ત્યારે તેમાં કેરોસીન આવે છે એટલે તે તપીને વાયુરૂપમાં ફેરવાઈ જાય છે.

૨) ભડકો એ શું ચીજ છે?

કેરોસીન, સ્પિરિટ, પેટ્રોલ, વગેરે બળે એવી પ્ર-વાહી વસ્તુઓ તપે છે એટલે વાયુરૂપમાં ફેરવાય છે. તે વાયુ હવામાંનાં ઓક્ષીજન સાથે મળે છે અને તેને દિવાસળીનો અથવા એવો બીજો ભડકો અડકે છે, તો તે જાતે સળગી ઉઠે છે. કોઈ પણ પ્રવાહી કે ઘન વસ્તુ વાયુરૂપમાં ફેરવાય નહિ ત્યાં સુધી ભડકા રૂપમાં સળગી શકે નહિ.

ચુલો સળગાવતાં કાકડી મૂકવામાં આવે છે તે લાકડાના છેડાને ગરમ કરવા માટે. તે ગરમ થઇને તેમાંથી વાયુ નીકળે છે અને તે સળગે ત્યારે ભડકો થાય છે. જો કે વાયુરૂપમાં ફેરવાયા સિવાય પણ ઘન સળગી શકે છે. પણ તે ભડકાના રૂપમાં નહિ. દાખલા તરીકે સગડી ધગધગતી હોય ત્યારે તેના કોલસા-માંથી થોડોક વાયુ નીકળે છે અને તેના ભડકા થાય છે. થોડી વાર પછી વાયુ નીકળતો બંધ થાય છે ત્યારે કોલસા વગર ભડકે બળે છે. માત્ર લાલ અંગારા દે-ખાય છે. એટલે કોઈ પણ બળતણ વાયુરૂપમાં ફેરા-વાયા વિના ભડકા રૂપમાં બળી શકે નહિ.

સ્ટવ સળગાવતાં પહેલાં મોઢિયું તપાવવાનું કારણ એજ છે કે અંદરના કેરોસીનને વાયુરૂપમાં ફેરવવું. તેલ વાયુરૂપે નીપલમાંથી નીકળી, બહાર હવામાંના ઓક્ષીજનને મળે ત્યારે જ ભડકારૂપે સળગે છે.

૩) જુદા જુદા પ્રવાહીને સળગવા માટે વધારે ઓછી ગરમી જોઇએ. વાડકીમાં સ્પિરિટ ભર્યું હોય, તે દિવાસળી લાગતાં તરતજ સળગે છે. પેટ્રોલ સ્પિરિટ કરતાં પણ જલદી સળગે છે. પણ વાડકીમાં સ્પિરિટને બદલે કેરોસીન ભર્યું હોય તો તે તરત સળગતું નથી. લગભગ બે દિવાસળી આખી બળી રહે તેટલી ગરમી તેને લાગે પછી તે સળગે છે.

૪) કોઇ પણ પ્રવાહી પદાર્થ દબાઈ શકતો નથી. (અથવા એટલો બધો ઓછો દબાય છે કે આપણે ગણી

શકીએ કે તે દબાતો નથી.) દાખલા તરીકે એક મોટા પવાલામાં પાણી ભર્યું હોય, તે તેનાથી નાના પવાલામાં માઈ શકે નહિ. ગમે તેટલું દાબીને ભરવા પ્રયત્ન કરીએ તો પણ તે નહિજ માય. પ્રયોગથી સિદ્ધ થયું છે કે એક ધાતુના ગોળામાં પાણી ભરીને તેને સખત બંધ કર્યો. બીલકુલ તરડ કે કાણું નહિ. પછી યંત્રોથી ગોળાને સખત દબાવ્યો. આખરે પાણી તે ધાતુના ગોળામાંથી કાણું પાડી, ઝીણા ઝીણા પરપોટા રૂપે પણ બહાર નીકળ્યું. એટલે પ્રવાહી દબાતું નથી. પણ જ્યારે તેના પર દબાણ કરવામાં આવે ત્યારે તે ગમે તે રસ્તે બહાર નીકળવા પ્રયત્ન કરે છે.

સ્ટવમાં પણ આ સિદ્ધાંતનો ઉપયોગ છે. પંપથી જ્યારે ટાંકીમાં હવા ભરીએ છીએ, ત્યારે કેરોસીન ઉપર દબાણ થાય છે તેથી કેરોસીન બહાર નીકળવાનો પ્રયત્ન કરે છે. બીજો કોઈ રસ્તો ન હોવાથી તે આઠ નંબરની નળી વાટે ઉંચે ચઢે છે. ચિત્ર નં. ૩૨માં ક અક્ષર આગળ બતાવ્યા પ્રમાણે ઉપર ચઢે છે.

વાયુ પદાર્થ સૌથી વધારે દાબી શકાય છે. ઘન પદાર્થને તેથી ઓછો દાબી શકાય છે. પ્રવાહી પદાર્થ સૌથી ઓછો દબાય છે.

૫) દરેક ઘન વસ્તુ પોતાનો આકાર જાળવી રાખે છે. પ્રવાહી વસ્તુ પોતાનો આકાર જાળવી શકતું નથી. પ્રવાહીને રાખવા માટે વાસણ જોઇએ. વાસણ સિવાય તે રહી શકે નહિ. તેમજ જેવી રીતે તે દબાતું નથી, તેમ તે પોતાની મેળે વધી શકતું નથી. એટલે કે એક

મોટા વાસણમાં થોડું પાણી ભરીએ તો અમુકજ જગ્યા તે રોકશે. બાકીની જગ્યા ખાલી રહેશે.

વાયુની બાબતમાં આથી ઉલટુંજ છે. વાયુને દાબી શકાય છે. તેમ તે વધી પણ શકે છે. એક ઘનફુટ માપના વાસણમાં જેટલો વાયુ ભર્યો હોય તેટલો એક ઘન ઇંચ માપની ડબ્બીમાં પણ માઈ શકે. તેમજ એક ઘનવાર માપનું વાસણ હોય તો તેમાં પણ તે બધે પ્રસરીને સરખો રહે. બીલકુલ જગ્યા તે વાયુ વિનાની ખાલી નહિ રહે. તેમજ તેટલોજ વાયુ એક મોટા ઓરડામાં પણ પ્રસરી રહે. ફેર એટલોજ કે જેમ જેમ જગ્યા મોટી થતી જાય તેમ તેમ વાયુ આછો થતો જાય. જેમ જેમ જગ્યા નાની તેમ તેમ તે ઘાડો થતો જાય.

૬) હવે દરેક વાયુનો ગુણ એવો છે, કે તે જેમ બને તેમ મોટી જગ્યામાં પ્રસરવાના પ્રયત્ન કરે. તેથી તેને દબાવીએ તો તે પ્રસરવાનો પ્રયત્ન કરે છે. જે વાસણમાં તેને ભર્યો હોય તે વાસણની બાજુઓ પર તે દબાણ કરે. આપણે જેમ તેને વધારે દબાવીએ તેમ તે પ્રસરવાને વધારે જોર કરે છે. તેથી વાસણની બાજુઓ પર વધારે દબાણ થાય. નિયમ એવો છે કેઃ અમુક વાયુ જેટલી જગ્યામાં હોય, તેથી અડધી જગ્યામાં તેને પૂરીએ તો પહેલા કરતાં તે બમણું દબાણ કરે—એટલે બમણા જોરથી બહાર નીકળવાનો પ્રયત્ન કરે. જો બમણી મોટી જગ્યામાં પૂરીએ તો દબાણ અડધું થાય. આ કાયદાને બોઈલ્સ લૉ (Boyle's Law) કહે છે.

આ કાયદાનો સ્ટવમાં ઉપયોગ થાય છે. સ્ટવમાં પંપથી હવા પૂરતાં પહેલાં ટાંકીમાં તેલની સપાટી ઉપર જે થોડી જગ્યા ખાલી હોય છે તેમાં હવા ભરાયલી હોય છે. ચિત્ર નં. ૩૨ માં ટપકાવાળી લીટી છે એ તેલની સપાટી છે. ઉપરની જગ્યામાં હવા છે તે બહારની હવા જેટલીજ છુટી હોવાથી તેલ પર બહારની હવા જેટલુંજ દબાણ કરે છે. પંપથી જ્યારે આપણે હવા પૂરીએ ત્યારે તેલ તો બીલકુલ દબાતું નથી. તેની ઉપરની ખાલી જગ્યા તો જેટલી હોય તેટલીજ રહે છે. પણ હવા પૂરવાથી વધારે હવાને તેટલીજ જગ્યામાં રહેવું પડે છે. તેથી તે ચારે બાજુ દબાણ કરે છે. ઉપર અને બાજુએ તો પિત્તળની દિવાલ હોવાથી તેને માર્ગ મળતો નથી. પણ આઠ નંબરની નળીમાં પોલાણ હોવાથી તેમાં તેલ ઉંચું ચઢે છે.

૭) આ સ્થળે પંપથી હવા અંદર કેવી રીતે જાય છે તે લખવું અસ્થાને નથી. નં. ૧૧ના ચિત્રમાં પંપનો દાંડો આખો બતાવ્યો છે. ખાસ લક્ષમાં રાખવાનું એ છે કે નં. ૧૩ માં પીસ્ટન બતાવ્યો છે તેમાંનો પાસાવાળી ચાકીવાળો ભાગ પંપના દાંડા તરફ રહેલો છે. પીસ્ટનમાંની ગોળ ચાકીવાળો ભાગ છેડા તરફ છે. નં. ૧૧ના ચિત્રમાં આ ખાસ ધ્યાન રાખીને જુઓ. આથી નં. ૧૪માં વાઈસર છુટું બતાવ્યું છે. તેનો મોટો ભાગ અંદરની બાજુ રહે છે. હવે આ દાંડો પંપની નળીમાં આવે છે તેથી વાઈસરની છેડાની ગોળ ધાર નળીને અંદર અડકીને રહે છે. ધારો કે પંપ અંદર છે. ત્યારે પીસ્ટન છેક અંદર

હોય છે અને નળીમાં હવા ભરેલી હોય છે. પંપ થોડો બ્હાર ખેંચીએ ત્યારે પીસ્ટન થોડો બહાર આવે. આથી પીસ્ટન અને અંદરના વાલ્વ વચ્ચે ખાલી જગ્યા રહે. તે જગ્યા પૂરવા માટે ટાંકીમાંની હવા વાલ્વ વાટે પંપમાં આવી શકતી નથી. તેથી પીસ્ટનની ઉપરની હવા વાઈસરની ધાર અને નળી વચ્ચે તરડ કરીને વાઈસરને દબાવીને અંદર જાય છે. આખો પંપ બહાર આવે ત્યારે પીસ્ટન નળીના બહારના છેડા આગળ હોય છે અને પીસ્ટન અને વાલ્વની વચ્ચે નળીમાં બહારની હવા ભરાઈ જાય છે. જ્યારે પંપ થોડો દબાવીએ ત્યારે હવા દબાય છે. તેથી તે બહાર નીકળવાનો પ્રયત્ન કરે છે. પણ વાઈસરનું મ્હોડું અંદરનું હોય છે. તેમાં હવા ભરાવાથી તે ફુલે છે અને વાઈસરની ધાર નળીની બાજુ સાથે સખત દબાઈને રહે છે. તેથી ત્યાંથી તરડમાંથી હવા બહાર નીકળી શકતી નથી. પણ હવાના દબાણને લીધે પંપરની વાલ્વ અંદર ઉઘડે છે અને હવાને ટાંકીમાં જવા દે છે. પછી ટાંકીમાંથી હવા બહાર નીકળવાનો પ્રયત્ન કરતાં વાલ્વ પર દબાણ કરે છે. પણ તેથી તો વાલ્વ વધારે સખત બંધ થાય છે. તેથી વાલ્વમાંથી હવા બહાર પંપમાં પાછી આવી શકતી નથી. આ પ્રમાણે પંપ હવા અંદર પૂરે છે.

પીસ્ટન જે રીતે મૂકયો છે તેથી ઉલટો બેસાડેલો હોય તો ટાંકીમાં હવા બીલકુલ જાય નહિ.

પ્રકરણ ૪ થું

સ્ટવ કેવી રીતે સળગાવવો ?

૧) ચિત્ર નં ૩૨ માં ટાંકી બતાવી છે. તેમાં તીર બતાવ્યું છે, ત્યાં ટપકાવાળી લીટી છે. તેટલે સુધી તેલ ભરવું. ઉપર હવા માટે જગ્યા રાખવી. તેલ પૂરવાનું ઢાંકણું સખત દેવું. નહિ તો ત્યાંથી હવા નીકળી હોલવાઈ જાય. તેલ ગાળીને ભરવું.

૨) સ્પિરિટની વાડકીમાં સ્પિરિટ પૂરવું. અથવા એક પહોળા મ્હોંડાની શીશીમાં સ્પિરિટ ભરી તેમાં કાકડો બોળવો. કાકડો વાડકીમાં મૂકવો.

સ્પિરિટની શીશી બંધ કરીને **આઘી મૂકયા પછીજ** દીવાસળી સળગાવીને કાકડો સળગાવવો.

૩) નીપલમાં કચરો હોય તો, પીન પહેલાંથી જ ફેરી દેવી.

૪) હવા બહાર કહાડવાનો સ્ક્રુ બંધ કરવો. પંપ કરવો નહિ.

૫) જો બર્નર તપ્યું હશે, તો આપોઆપ નીપલના મ્હોંડા ઉપર એક ઝીણો ભડકો દેખાશે. તે બતાવે છે કે અંદરથી તેલ તપીને ગેસ બને, તેટલું બર્નર તપ્યું છે.

૬) બર્નર બરાબર તપ્યું હોય તોજ પંપ કરવો. જો એક કાકડો પૂરો સળગી રહે ત્યાં સુધીમાં પણ બર્નર પૂરૂં તપ્યું નહિ હોય અને ઝીણો ભડકો નીપલ પર નહિ દેખાય તો ફરીથી કાકડો સ્પિરિટમાં બોળીને મૂકવો. પણ એટલું યાદ રાખવું કે સળગતો કાકડો

સ્પિરિટની શીશીમાં બોળવા જવો નહિ. તેમ કરશો તો શીશીમાંનું બધું સ્પિરિટ સળગી જઇ અકસ્માત થશે.

૭) બર્નર સારૂં તપે પછીજ પંપ કરવો.

૮) શરૂઆતમાં માત્ર બે ચાર પંપજ કરવા. કેટલાક લોકો આખા શરીરનું જોર સ્ટવ પર કહાડી શરૂમાંજ ખૂબ પંપ સામટા કરે છે. તેમ કરવું નહિ. સંચા પર જે વસ્તુ મૂકવાની હોય તે મૂકીએ તેટલો વખત બર્નરને તપવા દેવું. અને વાસણ મૂકયા પછી વધારે પંપ કરવા હોય તો કરવા.

પ્રકરણ ૫ મું

અકસ્માતો: કારણો અને ઉપાય

સ્ટવ સળગાવવા માટે જેટલી વિધિ કરવી પડે છે, તે શા માટે કરવી? એ પ્રશ્ન વિશે જો વિચાર કરીએ અને એમાં શું શું સિદ્ધાંતો સમાયલા છે, તે પૂરેપૂરા સમજી જઇએ તો કોઈ દિવસ સ્ટવનો અકસ્માત બને નહિ.

કોઈ પણ યંત્ર પૂરેપૂરૂં જ્ઞાન મેળવી, તેને પદ્ધતિસર ચલાવીએ તો યંત્ર હંમેશાં એક સરખું જ કામ આપે. જો તે સરખું કામ ન આપે તો કોઇ પણ સ્થળે યંત્રની કે આપણી ભૂલ છે, એમ સમજવું.

૧) સ્પિરિટના શીશાથી વાડકીમાં સ્પિરિટ પૂરવું નહિ. કારણ કે વાડકી ઉભરાઇને સ્ટવની ટાંકી તથા ભોંય પર સ્પિરિટ પડે અને દિવાસળી ચાંપતાં સળગી ઉઠે, તેને માટે તો કાકડો સ્પિરિટમાં બોળીને મૂકવો,

એજ ઠીક છે.

૨) કાકડો પૂરેપૂરો બોળવો. એટલે કે કાકડો જેટલું સ્પિરિટ પીએ તેટલું પીવા દેવું; સ્પિરિટની કસર કરવી નહિ.

કારણ કે, સ્પિરિટની કસર કરવાથી કાકડો જલદી હોલવાઈ જાય છે. ત્યારે બર્નર પૂરેપૂરું તપ્યું નહિ હોવાથી બર્નરમાં તેલ વાયુરૂપમાં ફેરવાતું નથી. અને નીપલમાંથી તેલ બહાર નીકળે છે તેથી ભડકા થાય છે. ઉપર કહ્યા પ્રમાણે મૂકેલા સ્પિરિટથી બર્નર નહિ તપ્યુ હોય અને નીપલ પર ઝીણો વાયુનો ભડકો નહિ થતે દેખાય તો ફરીથી કાકડો બોળીને બર્નર તપાવવા મૂકવો

૩) કોઈ પણ સંજોગોમાં તેલ ચઢવા દેવું નહિ તેલ કયારે ચઢે ? જો બર્નર તપ્યું નહિ હોય તોજ જો બર્નર સારૂં તપ્યું હોય તો કદિ તેલ ચઢેજ નહિ આ વાત ખૂબ ધ્યાનમાં રાખવી. જો જરા પણ તેલ ચઢતું દેખાય, તો તરત હોલવવાનો સ્ક્રુ ઉઘાડી નાંખવો જેથી ટાંકીમાંથી બધી હવા બહાર નીકળી જાય અને તેલ ચઢે નહિ. અને ફરીથી સ્પિરિટનો કાકડો મૂકી બર્નર તપવા દેવું.

બર્નર તપ્યા સિવાય કદિ પંપ કરવોજ નહિ

કેટલીક બહેનો તેલ ચઢે છે એટલે સ્ક્રુ ઉઘાડી હોલવી નાંખે છે. પણ તરત ભડકો હોલવાઈ જવાને બીકે ફરી પાછો પંપ કરે છે. આથી પાછું તેલ ચઢે છે. આમ કરવું નહિ. સ્ટવ હોલવીને ફરીથી સ્પિરિટથી

તપાવીનેજ સળગાવવો.

૪) પીન કેવી રીતે કરવી ?

પીન કરતી વખતે કેટલાક લોકો બર્નરની ઉ મ્હોંડું રાખી નીચે નજર કરે છે. તે ખોટી રીત ખરી રીતે આપણા શરીરથી હોઢથી બે ફ્રીટ દૂર રા હાથ લાંબો કરી પીન કરવી. માથું બાજુમાં રા ક્રોસબર્નરની નળીઓની વચ્ચેથી (અથવા નં. ૧૦૦ સ્ટવમાં નં. ૨૪ના ફુલમાંના બાજુમાંના કાણામાં નીપલ તરફ નજર કરવી. જેથી કદાચ તેલ જોરથી તોયે આપણને બીલકુલ અડકી શકે નહિ.

બીજું નીપલના કાણામાં પીન ઉભી દાખલ ક અને સીધી ઉંચી ખેંચી કહાડવી. કેટલાક લોકો પ નીપલમાં દાખલ કરી આડીતેડી ખૂબ હલાવે છે. અ કરવાથી નીપલમાં પીન ભાંગી જાય છે. માટે હ વવી નહિ. સીધી દાખલ કરી બહાર કહાડી લેવી. બે ત્રણ વખત દાખલ કરી બહાર કહાડી લેવી. છ નીપલ બરાબર સાફ ન થઈ હોય તો ક્રોસ બર્નર સામી બાજુના ગાળામાંથી દાખલ કરી ફ્રીથી પ કરવી.

જો હમેશાં બરાબર બર્નર તપાવીને સળગાવ અને ટાંકીમાં તેલ ગાળીને ભરીએ, અને કોઈ દિવસ કાચું તેલ ચઢવાજ ન દઈએ અથવા તેલથી બગાવીએ નહિ, તો પીન પણ ભાગ્યેજ કરવી પડે. ભડકા થવાનો સંભવજ નહિ રહે.

૫) પંપ ખૂબ કરવો નહિ.

જોઈએ તેટલોજ પંપ કરવો. કેટલાક લોકો પંપ કરતી વખતે જાણે આખા શરીરનું જોર તે પર કહાડતા હોય તેમ લાગે છે. વળી કેટલાક લોકો ખૂબ પંપ કરી બહુ જોસમાં ચલાવવામાં મોટાઈ માને છે. પણ સ્ટવમાં હવા રહેવા માટે અમુકજ જગ્યા હોય. તેમાં જેમ જેમ વધારે હવા ભરીએ તેમ તેમ હવાનું દબાણ વધતું જાય. અને જો ખૂબ દબાણ વધી જાય તો સ્ટવ ફાટે છે. અને આગ લાગે છે. વળી ખૂબ જોસમાં સ્ટવ ચાલતો હોય અને લાંબો વખત તે ચાલે તો પણ ટાંકી તથા સાંધા ખૂબ તપી જવાથી, ઝાલણ ઉખડી સ્ટવ ફાટવાનો સંભવ ઉભો થાય છે.

બીજું વધારે જોસમાં સ્ટવ ચલાવવાથી રસોઈ જલદી થતી નથી. કામ જલદી થતું નથી. માત્ર પાણી વગેરે પ્રવાહી ઉકાળવાનું હોય તો જલદી થાય. પરંતુ રસોઈ વગેરે તો ધીમે તાપે જેવાં થાય તેવાં જલદ તાપે નહિ થાય.

૬) ઢોળાયલું સ્પિરિટ સળગાવવું નહિ.

એવી માન્યતા છે, કે સ્પિરિટ ઢોળાયું હોય, તો આપણે તેને સળગાવીએ નહિ, તો કદાચ દિવાસળી લાગતાં અજાણપણે સળગી ઉઠે. માટે આપણે જાતેજ સળગાવી દેવું. કેટલાક લોકો રમત તરીકે પણ સળગાવે છે. પણ જાણવાની જરૂર છે કે સ્પિરિટતરત ઉડી જાય એવી વસ્તુ છે. માટે થોડું ઢોળાયું હોય તો ત્યાં

ભડકો ન લાગે એટલી દરકાર રાખીએ અને સંચો બીજી જગ્યાએ લઈ સળગાવીએ તો, ઢોળાયલું સ્પિરિટ તો થોડી વારમાં ઉડી જશે. અને સળગાવતાં દાઝી જવાનો સંભવ રહેશે નહિ.

૭ અકસ્માતો અટકાવવા માટે ઘણી વખત છુટા-છવાયા લેખો વાંચવામાં આવે છે. તેમાં ઘણી વખત એક ભલામણ એવી હોય છે, કે સ્ટવ એક સ્ટૂલ ઉપર મૂકીને સળગાવવો તે બરાબર છે. આપણી બેસવાની જગ્યાથી ઉંચી જગ્યા પર સ્ટવ સળગતો હોય, તો સ્વાભાવિક રીતે આપણે બાજુ પર ચાલીએ અને કપડાં સળગવાનો સંભવ ઓછો છે. પણ દિલગીરીની વાત એ છે કે કોઈ ઘરોમાં સ્ટૂલ પર સ્ટવ મૂકીને સળગાવતાં જોવામાં આવતા નથી. આનું કારણ એ છે કે ચુલા અથવા રસોઈ, અથવા સ્ત્રીઓના કાર્યક્ષેત્રનું એક પણ કાર્ય ઉભા રહીને કરવાની પદ્ધતિ આપણા સમાજમાં નથી. એ આપણને સમાજ વિરૂદ્ધ અને રૂઢી વિરૂદ્ધ લાગવાથી એ સુધારો સ્ત્રીઓ એકદમ ઉપાડી લેતી નથી. જો આ પ્રમાણે થાય તો ઘણી ખુશીની વાત છે. પણ તે એકદમ આપણા લોક ન કરે, તેથી બીજી એક વ્યવહારૂ સૂચના અત્રે જણાવી છે.

મુંબઈમાં ઓરડીઓ નાની હોય છે. ધરવાખરો બધો ભીંત ઉપરજ લટકતો હોય છે. સ્ટવ સળગાવીને ભીંત ઉપરથી વાસણ અથવા બીજી વસ્તુ લેવા જતાં સ્ત્રીઓનાં કપડાં સળગે છે.

મુંબઈમાં મોટે ભાગે રસોઈની ચોકડી, તે ઓરડા કરતાં થોડી ઉંચી હોય છે. કોઈ સ્થળે છ ઈંચથી બાર ઈંચ જેટલી ઉંચી હોય છે. આવે સ્થળે આ ચોકડી સ્ટૂલની ગરજ સારશે.

અ) **સ્ટવ ચોકડીમાં મૂકીને સળગાવવો** અને તે વખતે **સળગાવનારે ચોકડીની બહારજ રહેવું.** ચોકડીમાં બીલકુલ પગ મૂકવો નહિ. આથી સ્ટવ અને સળગાવનાર વચ્ચે સ્વાભાવિક રીતે બે ફીટનું અંતર રહેશે. તથા સ્ટવ ઉંચો રહેશે.

બ) સ્પિરિટની શીશી, દીવાસળી, તપેલીઓ, ચ્હા ખાંડના ડબ્બા વગેરે જે જે વસ્તુઓ સ્ટવ સળગાવતાં અથવા સળગાવ્યા પછી તરત જોઈએ, તે બધી વસ્તુઓ ઓરડીની બીજી ભીંતો ઉપર રાખવી. જેથી તે લેવા માટે ચોકડીમાં પગ મૂકવો પડે નહિ. સ્ટવ પૂરેપૂરો સળગી રહે, ત્યાં સુધી ચોકડીની બહારજ રહેવું.

ક) ત્યાર પછી સ્ટવને ચોકડીની અંદર એક બાજુ પર અથવા ખુણા આગળ મૂકીને પછી તેના ઉપર જે કંઈ મૂકવું હોય તે મૂકવું. ઘણા લોકો ઓરડામાં વચ્ચોવચ્ચ સ્ટવ રાખીને કામ કરે છે તેમ કરવું નહિ.

ડ) સ્ટવ રોજ અમુક જગ્યાએજ મૂકી સળ-

ગાવવો. અને સગડી, ભઠ્ઠી અથવા સ્ટવ જે સ્થળે મૂકાતાં હોય, તે સ્થળની ઉપરની ભીંત ઉપર કંઈજ વસ્તુ ટાંગવી નહિ.

૮) સ્ટવના બર્નર અને નળી અને સ્પિરિટની વાડકીની આસપાસ મૂકવા માટે લોખંડની એક જાળી આવે છે. તેને પ્રોટેકટર કહે છે. તેથી સ્પિરિટ અથવા કેરોસીનનો ભડકો આપણા શરીરને લાગે નહિ. પરંતુ જો ઓરડામાં વચમાં સ્ટવ રાખ્યો હોય, ભીંતો ઉપરથી વસ્તુઓ લેવાની હોય અને પૂરતું સ્પિરિટ નહિ મૂકી બર્નર તપવા નહિ દીધું હોય, તો આ પ્રોટેકટર મૂકવા છતાં ભડકા થઈ દાઝવાનો સંભવ રહે છે. ઉપલી સૂચનાઓ પ્રમાણે વર્તીને સાથે સાથે પ્રોટેકટર રાખવાથી વધારે સલામતી રહે છે.

૯) સ્પિરિટ સળગી ઉઠ્યું હોય તો ?

સ્પિરિટ વધારે ઢોળાયું હોય અને નહિ સળગાવવા છતાં સળગી ઉઠ્યું હોય, તો ગભરાવું નહિ. શેતરંજી વગેરે જાડી વસ્તુથી ઝાપટવા જતાં પણ વધારે આગ લાગવાનો સંભવ છે. કેમકે શેતરંજી સાથે સ્પિરિટ ઉડશે અને ઓરડામાં જ્યાં જ્યાં તે પડશે ત્યાં ત્યાં સળગાવશે. આવે વખતે મૂખ્ય વાત એ ધ્યાનમાં રાખવી કે બીલકુલ ગભરાવું નહિ.

ગભરાઈ જવાથી વધારે નુકશાન થાય છે. કેમકે ખરો ઉપાય આપણે કરી શકતા નથી. માટે પ્રથમ તો બીલકુલ ગભરાવું નહિ. એક ઉપાય એવો છે કે સ્પિ-

રિટને સળગવા દેવું. તેને હોલવવાનો પ્રયત્ન કરવો નહિ. માત્ર તેની ચારે તરફથી સળગી ઉઠે એવી જે જે વસ્તુઓ પડી હોય તે ખસેડી લેવી. ખીંટી ઉપર કે ભોંય ઉપર કપડાં હોય તો તે એક બાજુથી લઈ લેવાં. પથારી જેવી વસ્તુઓ પાસે હોય તો તે ખસેડી લેવી, લાકડાના ઘોડા, સ્ટેન્ડ વગેરે વસ્તુઓ બાજુએ ખસેડી લેવી. પછી સ્પિરિટને પોતાની મેળે સળગવા દેવું. થોડી વારમાં તે સળગીને હોલવાઈ જશે, અને કંઈજ નુકશાન થશે નહિ. ગભરાઇને દોડાદોડ કરીશું અને આસપાસની વસ્તુઓ ખસેડશું નહિ, તો જરૂર તે બધું બળી જશે.

સળગતી જગ્યા પર ધુળ અથવા રાખ નાંખવાથી ભડકો હોલવાઇ જશે. પણ આસપાસનું બધું ખસેડી લીધા પછીજ તે વખતે સમયસૂચકતા વાપરી જે ઉપાય સૂઝે તે કરવો.

પ્રકરણ ૬ ઠું.

કેટલીક સૂચનાઓ

સ્ટવ હમેશાં એક સરખું કામ આપે તે માટે તેને હમેશાં સાફ રાખવો જોઇએ. તે માટે નીચેની બાબતો ધ્યાનમાં લેવાની છે.

(૧) કેટલાક લોકોનું માનવું છે કે સ્પિરિટથી સ્ટવ સળગાવવાથી અકસ્માત થવાનો સંભવ છે. માટે કેરોસીનથી સ્ટવ સળગાવવો. પરંતુ કેરોસીનના ભ-

ડકાની ગરમી કરતાં, સ્પિરિટના ભડકાનો તાપ વધારે સખત છે. તેથી એક વાડકી કેરોસીનથી બર્નર જેટલું તપે, તેના કરતાં એટલાં જ સ્પિરિટથી વધારે તપે છે. આથી કેરોસીનથી સળગાવતાં બર્નર સારૂં તપતું નથી. અને ઉપર જણાવ્યા પ્રમાણે ભડકા થાય છે. તેલ ચઢે છે, મેશ વળે છે અને નીપલમાં કચરો ભરાય છે. તેથી અકસ્માત થવાનો સંભવ વધારે રહે છે. માટે સાચવીને વાપરીએ તો કેરોસીન કરતાં સ્પિરિટથી અકસ્માત થવાનો સંભવ ઓછો છે.

૨) જેવી રીતે બહાર તેલ સળગે છે તો મેશ વળે છે, તેજ પ્રમાણે જ્યારે નીપલમાંથી તેલ નીકળે છે, ત્યારે બર્નરની અંદરની બાજુએ લાગેલું તેલ બળીને મેશ વળે છે. વખત જતાં તે મેશ વધતી જાય છે અને નીપલના અંદરના ભાગમાં આવીને અટકે છે. બર્નરની નળીઓ મેશથી ભરાય છે. આથી વધારે પંપ કરતાં પણ સ્ટવ જોસથી સળગતો નથી. તેનો ઉપાય એ છે કે નીપલ સાફ કરવી.

૩) નીપલ કેવી રીતે સાફ કરવી?

નીપલ બદલવાની ચાવી નં. ૨૮ લેવી. પછી નં. ૧ ના બર્નરમાંની રીંગ કહાડી નાંખી છે, ત્યાં રીંગ મૂકવાની કડીની ઉપરથી બર્નરની બે નળી વચ્ચેની જગ્યામાંથી ચાવી દાખલ કરી, નીપલમાં તે બેસાડી ડાબી તરફ ફેરવવી. આથી નીપલ બહાર આવશે. ધીમેથી સાચવીને ફેરવતાં નીપલ સહેલાઈથી બહાર નીકળશે. પહેલાં

ફાવશે નહિ. પણ પ્રયત્ન કરતાં ફાવી જશે. પછી ટાંકીમાં સોડાવાળું ગરમ પાણી ભરી પંપ કરી ચઢાવવાથી અંદરની નળીમાંનો બધો કચરો મેશ વગેરે નીકળી જશે. નીપલને પણ સાફ કરી, તે પછી ચોકખા પાણીથી સાફ કરી, પાછી બેસાડી દેવી. નીપલ બેસાડવી અઘરી છે. પણ જરા પ્રયત્ન કરવાથી તે બેસી જાય છે. નીપલ બેસાડવા માટે ચાવીને જમણી તરફ ફેરવવી. (ઘડીયાળના કાંટા પેઠે) પછી ખાલી ટાંકીએ પંપ કરવો, જેથી હવાના જોરથી પાણીનાં ટીપાં વગેરે બહાર નીકળી આવશે. પછી કોઈ પણ વખત સ્પિરિટ વાપર્યા વિના સળગાવવો નહિ.

૪) નીપલનું કાણું જ્યારે મોટું થઈ જાય ત્યારે તેમાંથી ગેસની ઝીણી સરખી ધાર નથી નીકળતી, તેથી સ્ટવ બરાબર ચાલતો નથી. અને તે પર મૂકેલા વાસણને મેસ વળે છે. નીપલ માત્ર એક આનાની આવે છે. હલકી નીપલ લેવી નહિ. જરા પ્રયત્ન કરવાથી જુની નીપલ કહાડી, નવી હાથે બેસાડી લેતાં સ્ટવ નવા જેવો ચાલતો થાય છે.

૫) બર્નરની નળીમાં જ્યારે ઘણો કચરો ભરાયો હોય, તો બર્નર એની ચાવી વડે છુટું પાડી બીજા સ્ટવ પર તપાવવાથી અંદરનો કચરો બળી જાય છે: ત્યાર પછી ત્રીજા પેરેગ્રાફમાં લખ્યા પ્રમાણે બર્નર સાફ કરી પાછું ચઢાવવું.

૬) નીપલ અને બર્નરના સાંધા આગળ ભડકો

થતો હોય તો નીપલ સખત કરવી.

૭) બર્નર અને નં. ૮ની નળીના સાંધા આગળથી તેલ નીકળે અથવા ભડકો થાય તો, તે બે વચ્ચેનું ચપટી વીંટી જેવું વાઈસર નં. ૨૩ તૂટી ગયું હોવું જોઈએ. તેમ હોય તો તે બદલી નવું મૂકવું.

૮) સો નંબરના સ્ટવમાં બર્નરમાં માત્ર એક મુખ્ય નળી નં. ૨૨ની હોય છે. તથા તેની અંદર જાળી નં. ૨૬ આવે છે. કચરો ભરાતાં નળી ખોલીને જાળી બહાર કહાડી, સોડાના પાણીમાં ઉકાળી સાફ કરવી. પછી ચોકખે પાણીએ ધોવી. જાળીનો વીંટો ઉકેલી નાંખી સાફ કરી, પાછો વીંટો વાળી દઈએ તો ચાલે. એક જાળી ખવાઈ જતાં બીજી જાળીનો વીંટો હાથે બનાવીને મૂકીએ તો પણ ચાલે. તૂટેલા હવાલાની જાળી આખી અને કાટ વગરની હોય તો, કાપીને વીંટો વાળી મૂકીએ તો ચાલે. જો તે વીંટો તેટલીજ જાડાઈ તથા લંબાઈનો હશે તો તે પહેલી જાળી જેવું જ કામ આપશે.

૯) નં. ૨૨ની નળીનું કાણું જે નીપલનું કામ કરે છે, તે મોટું થાય તો નળી ખોલી, જાળી બહાર કહાડી એક લોખંડના સળીઆ પર નળી ભેરવી, એક નાની હથોડી વડે નળી ઉપર ધીમે ધીમે ટીપવાથી કાણું નાનું થાય છે. પછી પહેલાંની માફકજ કામ કરે છે. પછી બીજી વખત કાણું મોટું થઈ જાય તો આખી નળી બદલવી પડે છે.

૧૦) પંપની અંદરનું વાઈસર બગડ્યું હોય, ત્યારે પંપ ઢીલો પડી જવાથી કેટલાક લોકો તેના ઉપર ચીંથરૂં વિંટાળે છે. આથી પંપ સખત લાગે ખરો; પણ પંપ બરાબર કામ આપતો નથી. પીસ્ટનની રચના તથા પંપ કેવી રીતે કામ કરે છે, તે સિદ્ધાંત વાંચ્યા, જાણ્યા પછી કોઇ આવું નહિ કરે. એને માટે તો નવું વાઈસર જ મૂકવું પડે. બ્હેનોએ હાથેજ સ્પેનર લઈ વાઈસર બદલતાં શીખવું જોઇએ.

૧૧) કેટલીક વખત વાઈસર આખું હોય, છતાં પંપ ઢીલો પડે છે. તેવી વખતે પંપની નળી અંદરથી કોરી પડી ગઇ હશે. તે વખતે જરા તેલ વાઇસર પર લગાડી નળીમાં મૂકી દેવાથી, પંપ પાછો ચાલૂ થઇ જાય છે.

૧૨) પંપનો દાંડો નળીમાં હોય અથવા બહાર કહાડી નાંખ્યો હોય, તો પણ સ્ટવ સળગ્યા કરે છે. કેમકે અંદરની વાલ્વ સખત હોય છે. તેમાંથી હવા અથવા તેલ ટાંકીમાંથી પંપની નળીમાં આવી શકતાં નથી. આથી જો પંપ કરવા છતાં સ્ટવ ધીમો પડી જાય અને પંપની નળીની અંદરથી તેલ બહાર આવતું દેખાય, તો જાણવું કે અંદરની વાલ્વ બગડી છે. તો કોઇ સારા જાણકાર પાસે વાલ્વ નવી મુકાવવી. અથવા પંપની નળી બીજી બેસાડી દેવી. દરેક માણસ જાતે આ કરી શકે તેમ નથી.

૧૩) સળગતો સ્ટવ ધીમો થઈ જતો હોય તો કોઈ પણ સ્થળેથી હવા ચોરાય છે, એમ સમજવું.

પછી તેલ પૂરવાનું કાણું તથા સંચો હોલવવાની ચાવી સખત કરી જોવાં. ઉપલા ઢાંકણામાંનું વાઇસર નવું મૂકવું, બર્નર અને નળી વચ્ચેનું વાઇસર બગડયું હોય તો તે નવું મૂકવું; છતાં તે સુધરે નહિ, તો પછી કોઈ જગ્યાએ કાણું પડયું હશે. તે કોઈ જાણકાર પાસે સમું કરાવવું.

૧૪) જો નીપલ સારી હોય. બર્નરની નળીઓ સાફ હોય તો સ્ટવનો ભડકો ભૂરો નીકળે. અને બીલકુલ મેશ વાસણ પર પડે નહિ.

૧૫) કેરોસીન હંમેશાં ઉંચી જાતનું વાપરવું. ખરી રીતે તો પેટ્રોલ વાપરવું જોઈએ. પરંતુ તેમાં તો અકસ્માત થવાનો વધારે સંભવ રહે છે. અને આપણી સમાજને તે ફાવે તેમ નથી. માટે કેરોસીન વાપરવું. પણ ઉંચી જાતનું વાપરવું. હલકા માલમાંથી તેલનો પૂરેપૂરો ભાગ વાયુરૂપમાં ફેરવાતો નથી. અને તેથી થોડો વાયુ બને છે. પણ સાથે થોડો કાર્બન રહે છે, તે મેશ રૂપે વળગે છે. માટે તેલ સારી જાતનું વાપરવું.

૧૬) તેલ ગાળીને વાપરવું. તેલ પૂરવાની ગરણી જાળીવાળી લેવી. તેમ ન હોય તો, ગરણીમાં એક ચિંથરૂં મુકી દેવું, તો તેલ ગળાઈને ટાંકીમાં જશે. કચરો ચિંથરાને વળગશે. તે ચિંથરૂં સગડી સળગાવવામાં કામ લાગશે.

પ્રકરણ ૭ મું

કેટલીક જાણવાલાયક બાબતો

૧) જ્યારે લાંબો વખત સુધી સ્ટવ બળે છે, ત્યારે વાઇસરો વગેરે બધું બરાબર હોવા છતાં થોડીવારે સંચો ધીમો પડે છે. તેનું કારણ એ છે કે ટાંકીમાં આપણે અમુક હવા પૂરી હોય છે. તેને માટે અમુક જગ્યા છે. તેથી તે અમુક દબાણ તેલ પર કરે છે. જેમ જેમ વખત જાય છે, તેમ તેમ તેલ બળતું જાય છે. એટલે ટાંકીમાં તેલ ઓછી જગ્યા રોકે છે. આથી હવા તેટલી વધારે જગ્યા રોકે છે. આગળ સમજાવ્યા પ્રમાણે, જેમ જેમ હવા વધારે જગ્યામાં પ્રસરે, તેમ તેમ તેનું દબાણ ઘટતું જાય છે. આથી તેલ ઉપર હવા ઓછું દબાણ કરે છે. તેથી તેલ ઓછું ચઢે છે. તેથી સ્ટવ ધીમો થાય છે. આથી ફરી પંપ કરવો પડે તો કરવો. પણ એમ નહિ માનવું કે સ્ટવ બગડયો છે.

૨) ટાંકી પૂરી ભરી હોય ત્યારે ત્રણ ચાર પંપ મારતાં તરત સ્ટવ જોસથી ચાલે છે. પણ ટાંકીમાં તેલ થોડું હોય ત્યારે તેટલાજ જોસથી સળગાવવા માટે વધારે પંપ મારવા પડે છે. આનું કારણ નીચે મુજબ છે.

ધારો કે ટાંકી ભરેલી હોય, ત્યારે હવા માટે પાંચ ઘન ઈંચ જેટલી જગ્યા હોય, તો બહારની હવાના દબાણ કરતાં બમણું દબાણ અંદરની હવાનું કરવા માટે, પંપ વાટે આપણે બીજી પાંચ ઘન ઈંચ હવા અંદર

મોકલવી પડશે. આથી હવા દશ ઘન ઈંચ થવા છતાં, તેને સમાવાની જગ્યા માત્ર પાંચ ઘન ઈંચ હોવાથી, તેનું દબાણ બહારની હવા કરતાં બમણું થશે. હવે ધારો કે ટાંકીમાં તેલ ઓછું હોય. અને હવા માટે વીસ ઘન ઈંચ જેટલી જગ્યા હોય, તો બહારની હવા કરતાં અંદરની હવાનું દબાણ બમણું કરવા માટે બીજી વીસ ઘન ઈંચ હવા અંદર મોકલવી પડે. તે માટે પહેલા કરતાં ચાર ગણા પંપ મારવા પડે. તેમ કરીએ ત્યારેજ પહેલા જેટલાજ જોસથી સ્ટવ બળે. બોઈલ્સ લો પ્રમાણે આ થાય છે.

૩) કેટલીક વખતે સ્ટવમાં કેરોસીન ખૂટે છે, ત્યારે ફરરર—ફ–ર–ર–ર એવો અવાજ થાય છે. પછી હોલવાય છે. તે શું છે?

તેની સમજ આ પ્રમાણે છે—

નં. ૩રના ચિત્રમાં તળીએ 'બ' અક્ષર આગળથી એક લીટી બતાવી છે. ટાંકીમાં નં. ૮ની નળીનો અંદરનો છેડો ટાંકીના તળીઆથી સહેજ ઉંચે હોય છે. 'બ' અક્ષર આગળની લીટી, તે નળીના છેડા આગળથી સીધી લીટી છે. જ્યારે ટાંકીનું તેલ ઓછું થતું આ લીટી સુધી આવે છે, ત્યારે તેલની સપાટી નળીના છેક મ્હોંડાને અડકેલી હોય છે. હવે હવા તો બહાર નીકળવા પ્રયત્ન કર્યા જ કરે છે. તેથી તેલને જરા ખસેડી હવા નં. ૮ની નળી વાટે ઉપર આવી બહાર નીકળે, પણ નળીના મ્હોડા ઉપર તેલ હોય છે, એટલે થોડું

તેલ ઉપર ચઢે તેનો ગેસ થાય, વળી થોડી હવા આવે, વળી થોડું તેલ આવે અને વળી થોડી હવા આવે–એમ વારંવાર બન્યા કરે છે. તેથી ગેસ નીકળે ત્યારે ભડકો હોય, વચ્ચે થોડી હવા આવે ત્યારે ભડકો ઝીણો પડી જાય, એટલામાં વળી જરા ગેસ આવે; પરંતુ તેમ થતાં, પછી એક બે મિનીટમાં તેલ ઓછું થઈ જઈ તેલની સપાટી નીચી જાય છે, એટલે તો હવા પૂર જોસથી નળીમાં થઈ બર્નર વાટે બહાર આવે છે. અને ભડકો હોલવાઈ જાય છે. જ્યારે જોસથી હવા નીકળે છે ત્યારે અવાજ થાય છે. તેની સાથે પણ થોડો ગેસ નીકળે છે, તે ધુમાડા જેવો દેખાય છે. પણ ભડકો ચાલુ હોતો નથી એટલે તે સળગતો નથી.

૪) સ્ટવ જો પૂરેપૂરા જોસથી સળગ્યો હોય તો એક પીન્ટ કેરોસીન ત્રણ કલાક સુધી લાગલાગટ બળે છે. એટલે એક શીશો કેરોસીન ચાર કલાક સુધી લાગલાગટ બળે છે પણ આપણે પૂર જોસથી હંમેશ બાળતા નથી, તેથી તે વધારે કલાક ચાલે છે.

૫) સગવડ ખાતર ધારી લો કે એક શીશો કેરોસીન ચાર કલાક બળે છે. એક શીશો કેરોસીનની કિંમત બે આના હોય. પ્રયોગથી માલૂમ પડ્યું છે કે લગભગ ત્રણ શેર પાણી ચાર મિનીટમાં ઉકળે છે. હવે ચાર કલાકમાં બે આનાનું કેરોસીન બળે છે, તેથી ચાર મિનીટમાં અડધી પાઈ કરતાં ઓછી કિંમતનું કેરોસીન બળે છે, અને તેટલામાં લગભગ ત્રણ શેર પાણી ઉકળે છે.

૬) પ્રાઈમસ તથા ઓપ્ટીમસમાં બે જાતના સ્ટવ આવે છે. અવાજ કરતા અને શાંત. અવાજ કરતા સ્ટવ ખુલ્લી જગ્યામાં વાપરવા માટે પણ સારા છે. કેમકે પવનની તેના પર અસર થતી નથી. શાંત સ્ટવ પવનમાં બરાબર કામ આપતા નથી.

૭) સાચવીને વાપરતાં આ સ્ટવ વીસ વીસ વર્ષ સુધી પણ સારૂં કામ આપતા જણાયા છે.

૮) સ્ટવની કુલ ઉંચાઇ સ્હાડા આઠ ઇંચ હોય છે. અને તેમાં લગભગ બે બાટલી કેરોસીન માય છે. પણ આપણે કદિ દોઢ બાટલીથી વધારે ગ્યાસતેલ ભરવું નહિ. સ્ટવનું કુલ વજન ઉપરની જાળી સાથે ત્રણથી સ્હાડા ત્રણ રતલ હોય છે.

આ માપ માત્ર પ્રાઇમસ નં. ૧ના છે. નાના મોટા સ્ટવ પ્રમાણે ઉંચાઈ, વજન તથા ટાંકીમાં ફેર હોય છે.

૯) મુસાફરીમાં જવા માટે, સમેટીને પતરાની પેટીમાં મૂકી દેવાય તેવા સ્ટવ આવે છે. તેમાં ટાંકીથી નળી છૂટી પાડી ત્યાં એક ઢાંકણું દઈ દેવાય છે. તેમજ સ્ટવના પગ પણ છૂટા પડી શકે છે.

૧૦) સ્ટવની ઉપલી જાળી બે જાતની આવે છે. બીડની આવે છે, તે જાડી અને ભારે હોય છે. પણ પડતાં ભાંગી જાય છે. પાતળી પતરાંની આવે છે, તે પડતાં ભાંગતી નથી. પણ કટાય છે,

પ્રકરણ ૮ મું.

પ્રાઇમસ સ્ટવ સિવાય બીજા અનેક જાતના સ્ટવો હવે મળી શકે છે. તેઓની રચનામાં થોડો ફેરફાર હોય છે.

૧) તેમાંની વધારે જાણીતી જાતના સ્ટવમાં વાટ હોય છે અને દીવાના ફાનસની માફકજ સળગાવવાના હોય છે. સળગાવ્યા પછી થોડી વારે મ્હોડીઆંનો ભાગ તપી જવાને લીધે, વાટની ઉપલી ધાર ઉપર કેરોસીન તપીને વાયુ રૂપમાં ફેરવાય છે, અને ભૂરો ભડકો નીકળે છે. ચ્હા, દૂધ વગેરે સ્હેજસાજ ગરમ કરવા માટે આ સ્ટવફાનસ સારાં. પરંતુ એમાંયે વાટને બરાબર સરખી કાપવી જોઈએ. તે અનુભવે આવડે છે. કોઇ જગ્યાએ વાટ ઉંચી નીચી કપાઈ હોય તો તે સ્થળેથી ધુમાડો નીકળે છે. અને ઉપરના વાસણને મેસ વળે છે.

૨) બીજા આવીજ જાતના સ્ટવફાનસ આવે છે. તેમાં પીત્તળની ગોળ ટાંકી હોય છે. અને વાટ પણ ગોળ આકારમાં ગોઠવેલી હોય છે. તેમાં મેસ વળતી નથી. લગભગ બધુંજ કેરોસીન વાયુરૂપમાં ફેરવાય છે. અને ભડકો ભૂરો હોય, તે એટલો જોરમાં બળે છે કે લગભગ આઠ દશ ફીટ દૂરથી પણ આપણને તેનો અવાજ સંભળાય છે. આનો પણ તાપ ઘણો સારો હોય છે. નહાવાના પાણીનો ઘડો પણ તેની ઉપર મૂકી શકાય છે. અને અકસ્માતનો સંભવ ઘણો ઓછો હોય છે.

૩) બ્લુ ફ્લેઇમ સેઇફ્ટી સ્ટવ.

હમણાં આ નવી જાતના સ્ટવ બજારમાં મળે છે. આ સ્ટવનો ઘાટ સમચોરસ હોય છે, અને તે લગભગ આઠ ઇંચ ઉંચો હોય છે. તેની બાજુમાં એક પીત્તળનો ડાબડો ગોઠવેલો હોય છે. તેમાં કેરોસીન ભરવાનું હોય છે. તેમાંથી એક નળી વાટે કેરોસીન નીચે ઉતરે છે. અને સ્ટવના તળીઆના વચલા ભાગમાં આવે છે. ત્યાં ગોળ આકારમાં એક વાટ ગોઠવેલી હોય છે. આ ગોળ આકારનો વ્યાસ લગભગ ત્રણ ઇંચનો હોય છે. વાટની આસપાસ એક પતરાની ભૂંગળી હોય છે. તેનો વ્યાસ ત્રણ ઇંચનો તથા ઉંચાઈ લગભગ ચારથી પાંચ ઈંચ હોય છે.

વાટ ઉપર દીવાસળી ચાંપતાં તરત તે દીવાની માફકજ સળગે છે. પણ થોડીજ વારમાં વાયુ વધારે પ્રમાણમાં બને છે અને આખી ભૂંગળીમાં તે વાયુ ભરાઈ જાય છે તેથી બધો વાયુ ભૂરા ભડકાના રૂપમાં બળે છે, એટલે કે આખી ભૂંગળીમાં ભૂરો ભડકોજ હોય છે. બાજુ પરથી વાસણ મૂકવા માટેની બેસણી એવી રીતે બનાવવામાં આવી છે કે તે ભૂંગળીની ઉપર વાસણ આવી રહે.


આ સ્ટવનો તાપ ઘણો સારો હોય છે, અને તપેલીના તળીઆમાં સગડીના તાપની માફક સરખો તાપ લાગે છે. સાધારણ સ્ટવમાં ભડકો ચાર જગ્યાએ વધારે લાગે છે. તેથી તપેલીને અમુક સ્થળે વધારે તાપ લાગે છે ને અમુક સ્થળે ઓછો લાગે છે. પણ આ બ્લુ ફ્લેઈમ સ્ટવમાં બધે સરખોજ તાપ લાગે છે. આથી પાપડ શે-

કવા માટે અથવા રોટલી શેકવા માટે પણ કોઈ જાતની હરકત પડતી નથી. આ સ્ટવમાં અકસ્માત થવાનો સંભવ ઘણોજ ઓછો છે. તેમજ તેનો અવાજ પણ બીલકુલ થતો નથી; એમાં ભડકાને નાનો મોટો કરવાની પણ કરામત હોય છે. સ્પિરિટ વાપરવું પડતું નથી. આથી આ સ્ટવ દરેક રીતે વાપરવા લાયક છે.

સ્ટવના સિદ્ધાન્તો સંપૂર્ણ રીતે સમજીને તે પદ્ધતિસર વાપરવામાં આવે તો અનેક અકસ્માતો થતા અટકે.

સમાપ્ત


ભરત ગુંથણ



આ વિષયના પુસ્તકને વખાણના શબ્દોની શી જરૂર છે? માત્ર દશ આનાની કિંમતમાં આવું પુસ્તક બીજું કોઈ મળે તેમ નથી. એનાથી તમે આપોઆપ ઉપરની બેઉ કળા શીખી જશો. બાર આનાની ટીકીટ બીડી મંગાવો.

શ્રીશક્તિ કાર્યાલય, કેળાંપીઠ, સુરત.

રાજાબાઇ ટાવર



પારસી સતીઓ

કિંમત ૦-૬-૦

જેની અટારીએથી ઝંપલાવીને બે પારસી યુવતીઓએ આપઘાત કરેલો. શા માટે ?

શીલની રક્ષાને કાજે.

તેની વાત જાણવા સ્ત્રી સાહિત્ય મંદિરને આઠ આનાની ટીકીટ બીડો. ઠે. કેળાપીઠ સુરત

સ્ત્રી-ઉપયોગી પુસ્તકો

સ્ત્રીશક્તિ ગ્રંથમાળા

૧ કમનસીબ સવિતા (વંધ્યા): ૦—૪—૦

સવિતા જુવાન ગુજરાતણની આબેહૂબ મૂર્તિ છે. તેના હૈયાની વેદના ચીતરતી આ ચોપડી એકેએક વાંચકે વખાણી છે

૨ કાકી: ૦—૦—૦

શરદ બાબુની કલમે લખાયલી આ વાર્તા સ્ત્રીઓ માટે સરસ આદર્શ રજુ કરે છે.

૩ કાયદામાં સ્ત્રીનું સ્થાન (દરેક સ્ત્રી વાંચે): ૦—૩

હિન્દુ સ્ત્રીનું કાયદામાં કેવું સ્થાન છે, તેના હક્કો શા છે ને શા હોવા જોઇએ, પારસી, મુસ્લીમ સ્ત્રીઓને કેવા હક્ક છે વગેરે માહિતીથી ભરપૂર આ ચોપડી ગુજરાતીમાં એકજ છે. દરેક બાપે દીકરીને, ભાઇએ બહેનને, ને વરે વહુને વંચાવવીજ જોઇએ.

૪ અર્ધાંગના: ૦—૪—૦

સ્ત્રીઓ અણીને વખતે પુરૂષને કેવી રીતે મદદગાર બની શકે છે તેના આદર્શ રજુ કરતી વાતો.

૫ ગૃહવ્યવસ્થાની વાતો (બેટરી): ૦—૬—૦

ઘરખટલાની આંટીઘુંટી પર અજવાળું પાડનારી આ વાર્તાઓ ગુજરાતી સાહિત્યમાં નવીજ ભાત પાડે છે.

૬ ખાંયણાં: ૦—૫—૦

કાઠીયી ગુજરાતણના હૈયામાંથી ટપકેલી જીવનની રમુજી, લાગણી, તેમજ આનંદી બાજુનાં ચિત્રો દોરતી આ લોકગીતોની ચોપડી ઘેરેઘેર રાખવા લાયક છે.

૭ અભિદાન: ૦—૫—૦

આવતી પ્રજાને શૂરવીર બનાવવા માટે બહેનોમાં આ પરાક્રમની ગર્જના કવિતાઓનો ખૂબજ પ્રચાર થવો જરૂરી છે. સર અવસરે તેમજ ખાસ કરીને સગર્ભાવસ્થામાં ભેટ આપવા જેવી રૂપાળી ચોપડી.

૮ ભવાટવી: ૦—૪—૦

હિંદુ સંસારમાં સ્ત્રીઓનાં જીવનની દયામણી બાજુ બતાવતી આ સાચી આત્મકથાઓ વાંચતાં આંખ ભીની થશે.

૯ મા: ૦—૪—૦

વર, વહુ, મા, બાપના પરસ્પર સંબંધ પ્રેમાળ અને વહાલસોયા કેવી રીતે બને તેની છણાવટ આ વાતોમાં કરેલી છે.

૧૦ જયાના પત્રો–કસોટીમય લગ્ન: ૦—૬—૦

વરવહુનું જીવન સુખી કેમ બને તે સમજાવતા અને વરે વહુ સાથે ને વહુએ વર સાથે કેવી રીતે વર્તવું તેના પર અજવાળું પાડનારા આ કાગળો બહુજ રસીલા છે.

૧૧ પતિની પસંદગી: ૦—૪—૦

વરવહુ પોતે એકમેકને પસંદ કરે એવા વિચારો ધરાવનારાઓએ આ વાર્તાઓનું ઝુમખું ખાસ વાંચવા ને વંચાવવા લાયક છે.

૧૨ લીલીની આત્મકથા: ૦—૩—૦

એક દુઃખીયારી બહેનની આ આત્મકથા સાવકા સહીયારાંના દુઃખો પર અજબ જેવો નવીન પ્રકાશ પાડે છે. જગતમાં શું આવું ય બને છે!–એમ આશ્ચર્ય થશે.

૧૩ કેદીઓ: ૦-૪-૦

બંગાળાનાં ગામડાંઓમાં સ્ત્રીઓની સ્થિતિ કેવી ખરાબ છે તેનો ચિતાર રજુ કરતી આ વાર્તા ઘણી જ રસિક તથા બોધક છે.

૧૪ પારસી વાનીઓ: (શાકાહારી) ૦-૬-૦

લગભગ સો ઉપરાંત ભાતભાતની લસલસતી, લહેજતદાર માંસમચ્છી વગરની વાનીઓ બનાવવાની સહેલી, ઝટ સમજાય એવી રીતો આમાં આપેલી છે.

૧૫ વિધવા: ૦-૫-૦

હિંદુ સંસારની એ દુઃખદ બાજુની જુદી જુદી નજરે છણાવટ કરતી આ ચાર વાર્તાઓમાં ઘણો નવીન પ્રકાશ પાડેલો છે.

૧૬ કોને પરણું? ૧-૪-૦

અભણ ગૌરી ગામડાની છે. ભણેલી ઇન્દુલેખા શહેરની છે. ગામડાની ગૌરી, ઇન્દુલેખા માટે જે ભોગ આપે છે તે ભોગ ઇન્દુલેખાના પોતાના ભોગ જેટલોજ મહાન છે? આર્યરમણીના હૃદયની ઉત્તમતાનું આ ચિત્ર જેટલું ભવ્ય છે તેટલુંજ રસિક છે.

૧૭ સુઘડતા ને સુંદરતા: ૦-૮-૦

વાળનું જતન, દાંતનું જતન, ચહેરાનું જતન, કપડાં અને ઘરેણાં પહેરવાની કળા, તંદુરસ્તી ખીલવીને સુંદર બનવાની કરામતની આ ચોપડીનો જોટો ગુજરાતી ભાષામાં નથી જ.

૧૮ હાસ્ય ફુવારો: ૦-૮-૦

શ્રી 'પ્રસાદ'ની રમુજી સામાજિક વાતોનો આ સંગ્રહ દરેક જ્ઞાની બહેનોને અત્યંત રસિક લાગશે અને નિર્દોષ આનંદ આપશે.

૧૯ ભૂતના ભડકા: ૧-૮-૦

શ્રી ધનસુખલાલ મહેતાની લખેલી આ સુંદર સામાજિક વાતોનો સંગ્રહ સર્વત્ર વખણાયો છે. ૫૪ બસો ચિત્રો પણ પુષ્કળ આપેલાં છે.

*

૨૦ વિષવૃક્ષ ૧-૮-૦

બંકિમબાબુની આ ત્રીજી સર્વમાન્ય નવલકથા હિન્દુ સંસારી કાવડાઓની છણાવટ ઘણી જ સરસ રીતે કરે છે. બંગાળામાં ઘેરઘેર વંચાય છે.

૨૧ હાસ્ય કલાપઃ કિં ૧-૮-૦

સામાન્ય કોટિનાં માણસો સ્ત્રીઓ બાળકોને પણ ખડખડ હસાવે તેવી, છતાં તદ્દન નિર્દોષ અને નિર્ભય વાર્તાઓનો આ સંગ્રહ ગુજરાતના હાસ્ય સાહિત્યમાં સારૂં સ્થાન પામ્યો છે.

૨૨ દેવી ચૌધરાણીઃ કિં. ૧-૮-૦

પ્રફુલ્લ નામની સાદી સીધી બાળા કેવી રીતે વીરાંગના બને છે તેનો અત્યંત રસિક અને પ્રેરક હેવાલ. મૂળ બંકીમ બાબુએ લખેલો છે.

૨૩ વીર રોઝાઃ (કાળું ગુલાબ) કિં. ૧-૮-૦

ફ્રાન્સના નવલકથાકાર એલેક્ઝાંડર ડુમાએ લખેલી એક જેલર બાળાના પ્રેમ અને શૂરાતનની અજબ જેવી ઇતિહાસ કથા.

૨૪ હાસ્ય ઝરણું: કિં. ૧-૮-૦

હાસ્યરસના પ્રસિદ્ધ લેખક શ્રી હરિપ્રસાદ વ્યાસની આ વાતો આપણા સંસારની ખરી બાજુ પર ચાબખા મારતાં મારતાં ખુબજ કલ્લોલ કરાવે છે.

૨૫ "જરા મહા મૂકજો" (હાય આસામ) કિં. ૧-૦-૦

સવારે ને બપોરે મોજથી પીવાતાં ચ્હાના પ્યાલાઓના બીતરમાં ચ્હના બગીચાઓના મજુરોની કેવી કરૂણ હાય વસી છે, તેનું એક મજુરે લખેલું સાચું વાર્તા રૂપ બયાન. જે વાંચીને સેંકડો માણસોએ ચ્હા છોડી છે

૨૬ રાસ રજની : (નવી આવૃત્તિ) કિં. ૧-૧૨-૦
ગરબા પુસ્તકોની મહારાણી.

૨૭ જીવન પલટો: ૦-૪-૦

આમાં ત્રણ જુદી જુદી સ્ત્રીઓનું જીવન જુદી જુદી રીતે બદલાઇ જાય છે તેનું વર્ણન આલેખતી રસિક ને બોધક વાર્તાઓ આપેલી છે.

૨૮ સુખી ઘર: ૦-૩-૦

આપણા ઘરને સ્વર્ગ સમાન સુખી કેવી રીતે બનાવવું તેના પદાર્થપાઠ રૂપ ચિત્ર આલેખતી બોધકથા.

૨૯ ભરત ગુંથણ: કિં. ૦-૧૦-૦

નાની બાલિકાઓ પણ સહેલાઇથી સમજીને શીખી શકે એવી શૈલીમાં એક અનુભવી પારસી બહેને લખેલું પુસ્તક, જાત-જાતની તરાહ તેમજ આકૃતિ સાથે.

૩૦ ચોર્યાસીનું ચક્કર: કિં. ૦-૫-૦

ગુજરાતના એક અનુભવી હાસ્યરસના લેખકે આ પુસ્તિકામાં સ્ત્રીઓને રસ પડે અને સહેલાઇથી સમજાય એવી રીતે સંસારની ગમ્મતભરી વાતો લખી છે.

૩૧ રઝિયા બેગમ: ૦-૩-૦

દિલ્હીના ચક્રવર્તી સિંહાસન પર બેસી રાજ્ય ચલાવનારી પહેલવહેલી સમ્રાજ્ઞીનું જીવનચરિત્ર. લ્હાણી માટે ઉત્તમ છે.

૩૨ ગૃહવિવેક અને બીજી વાતો: ૦-૬-૦

આમાંની મુખ્ય વાર્તામાં વિલાયતી અને દેશી સભ્યતા, ઘરની રીતભાતની તુલના કરેલી છે. બીજી વાર્તાઓ પણ ખૂબ રસિક અને બોધક છે.

૩૩ સખીના પત્રો અથવા સંસારનાં દર્દો: ૦–૮–૦

લગ્નની નિષ્ફળતાથી કંટાળી જઈને આપઘાત કરવા તત્પર થયેલી એક યુવતિને તેની બ્હેનપણી પત્રો દ્વારા ખરો માર્ગ સુઝાડે છે. દરેક માબાપે આ પુસ્તક પોતાની પુત્રીને પરણાવતાં પહેલાં આપવું ઘટે છે.

૩૪ રડવાનું શાસ્ત્ર: ૦–૩–૦

આ નાનકડી પુસ્તિકામાં પ્રાણમય રડવ વિશે, તેની રચના, તથા જુદા જુદા ભાગો વિશે સચિત્ર અને વિગતવાર સમજુતી આપી છે.

૩૫ સ્ત્રી હૃદય: ૦–૩–૦

આ નાની સરખી નવલિકામાં સ્ત્રી હૃદયનો સાચો ચિતાર આપેલો છે. એક આદર્શવાદી યુવાન પાછળ ઘેલી બની જીવન બલિદાન આપનાર વારાંગનાની કથા એકી બેઠકે પુરી કરવી ગમે તેવી છે.

૩૬ માતૃપ્રેમ અને બીજી વાતો: કિં. ૦–૪–૦

આ સંગ્રહની મુખ્ય વાર્તામાં એક માતા પોતાનાં સંતાનને ખાતર શું શું સહન કરી શકે છે તેનું આદર્શ દૃષ્ટાંત આપ્યું છે. બીજી વાર્તાઓમાં પણ ઉત્તમ સ્ત્રી પાત્રોનાં આલેખન છે.

૩૭ પારસી લગ્નગીતો અને ગરબા: ૦–૬–૦

શું પારસી લોકોમાં બી લગન વખતે ગીતો ગવાય છે ? તમે નવાઈ પામશો. છતાં આ ચોપડી જોશો એટલે ખાત્રી થશે. કેટલાંક ગીતો તો ખૂબ રમુજી ને આનંદજનક છે.

૩૮ દામ્પત્ય જીવન : કિં. ૨–૮–૦

સંતતિનિયમન, કસુવાવડ, પતિપ્રેમ જાળવવાની કળા, શરીર નિરોગી ને સુડોળ રાખવાની કળા તથા માસિકને લગતી દરેક ફરિયાદો મટાડવાની વિદ્યા—એ બધુંજ આ પુસ્તકમાં આપ્યું છે.

૩૯ વહેમી પતિઃ ૦—૩—૦

એક સંસ્કારી અને સુધારક યુવાન પોતાની સુંદર અને સુશીલ પત્ની તરફ વહેમાય છે. એ 'વહેમ'ને કારણે તે પત્નીનો ભોગ લે છે. ને પછી ગાંડો બને છે. એ પાગલની આપવીતીનો કરુણ અને હૃદયસ્પર્શી હેવાલ ગૃહજીવનનો નવોજ કોયડો ઉકેલે છે.

૪૦ આરોગ્ય અને સુખ: કિં. ૦—૬—૦

આ પુસ્તકમાં દરેક સ્ત્રી પોતાના કુટુંબની તેમજ પોતાની સુખાકારી કેવી રીતે જાળવી શકે તેને લગતું જરૂરી જ્ઞાન, દરેક ખાદ્ય ચીજોના ગુણદોષ વગેરે આપેલું છે. દરેક ગૃહિણીએ આ જ્ઞાન પ્રાપ્ત કરવું જ જોઇએ.

૪૧ સામાજિક વાતો: કિં. ૦—૫—૦

સંસારના જુદા જુદા કોયડા ઉકેલતી તાદૃશ વાતો એકી બેઠકે પૂરી કરવી જ પડે તેવી રસિક છે.

૪૨ રમુજી વાતો: (સ્ત્રીશક્તિની) ૦—૪—૦

આ વાર્તાઓમાંની ઘણીક આપણા હંમેશના જીવનનાં દૃશ્યો-માંથી ઉપજાવી છે ને ખૂબ હસાવે તેવી છે.

૪૩ ભલી ભાભી: કિં. માત્ર ૦—૧—૦

એક સંસ્કારી સ્ત્રી પોતાના દીયરના અપકાર ઉપર ઉપકાર કરી તેને કેવી રીતે નમાવે છે, તેનું સુંદર દૃષ્ટાંત આમાં છે. વૈધવ્ય પામેલી આર્ય અબળા પોતાની નીતિ મર્યાદા સાચવીને પ્રમાણિકપણે પોતાનું ગુજરાન કેવી રીતે કરી શકે તેનો પણ બોધપાઠ છે. કિંમત પણ અલ્પ હોવાથી લ્હાણી કરનારા માટે બહુ જ સવડ ભરેલી છે.

૪૪ પતિ પ્રભુ છે: ૦—૧—૦

આ ચોપડી પણ લ્હાણી માટે ખૂબ સસ્તી કિંમતે કાઢેલી

છે. એમાંની વાર્તા પતિવ્રતની ભારૂ જ સચોટ છાપ પાડે છે. એક સંસ્કારી પત્ની પોતાના દારૂડિયા ને રખડેલ પતિને વશ કરે છે.

૪૫ માંદગી અને સારવજત: ૦-૪-૦

દરેક સ્ત્રીને આ વિષયનું તો જ્ઞાન હોવું જ જોઇએ. માંદાની સારવાર સંબંધી ખુબ ઉપયોગી સૂચનાઓથી આ પુસ્તક ભરેલું છે.

૪૬ વાતનું વતેસર: કિં. ૦-૧-૦

બાળાઓ સ્હેલાઇથી ભજવી શકે એવું હાસ્યરસિક નાટક

૪૭ ઘરેણાંનો શોખ: કિં. ૦-૧-૦

વિમળા નામની એક ભોળી છતાં સૌંદર્યશોખીન બાળાએ પોતાના ઘરેણાં-શોખને લીધે પોતનો પતિ જેલમાં જાય એવા સંજોગો કેવી રીતે ઉભા કર્યા તેનો તાદ્દશ ચિતાર આપતી આ વાર્તા સચોટ-અસરકારક છે.

૪૮ પારસી સતીઓ: કિં. ૦-૬-૦

રાજાબાઇ ટાવર પરથી બે પારસી બહેનોએ પોતાનું શીયળ સાચવવા ખાતર ભુસકો મારી કરેલા આપઘાત વિશેના સરખા.

૪૯ એકાદશી: કિં. ૦-૧૧-૦

શ્રી સરોજિની મહેતા (એમ. એ.) ની લખેલી અગિયાર સુંદર સામાજિક વાતો. બધીજ નવા સિદ્ધાંતો રજૂ કરે છે.

૫૦ રાણકદેવી કિં. ૦-૧૨-૦

હજાર વર્ષ ઉપર થઇ ગએલી મહાન વિભૂતિની આ જીવનકથા અર્વાચીન શૈલીમાં ગુજરાતના એક ઉત્સાહી સિદ્ધહસ્ત લેખકે ઘણીજ રસિક લખેલી છે.

૫૧ શિવાજીની મા—મહારાષ્ટ્ર વીર શિવાજીને જન્મ આપી ઉછેરનાર વીર માતાનું રસિક અને પ્રેરણાદાયક જીવન-

ચરિત્ર દરેક બહેને એક વાર અવશ્ય વાંચવું જ જોઇએ.
(તેર આનાની ટિકિટ બીડવી) કિં ૦-૧૦-૦

૫૨ સાસુની શિખામણ—વહેમી માન્યતાઓને લીધે સ્ત્રીઓનાં જીવનની કેટલી હાનિ થાય છે તેની બોધકથા. કિં. ૦-૧-૦

૫૩ કાયદાનું અજ્ઞાન—એ અજ્ઞાનને લીધે બહેનો પોતાની, મુડી દોલત કેવી રીતે ખુએ છે તેની બોધકથા. વ્યાજ ઉપજાવવાની જરૂરી માહિતી સાથે. કિં. ૦-૧-૦

૫૪ નામ વગરની નવલકથા—કપરા સંજોગોમાં મુકાયેલી એક પારસી બહેનના અનુભવોની રસિક વાર્તા. ડીટેકટિવ રસથી ભરપૂર. કિં. ૧-૮-૦

૫૫ નારીભિષક—સ્ત્રીઓના રોગોની ચિકિત્સા તથા ઉપચાર વિશેનું પ્રમાણભૂત પુસ્તક કિં. ૦-૪-૦

૫૬ માસિક ધર્મ—'અટકાવ' વિશેની ઉપયોગી માહિતીથી ભરેલો નિબંધ. કિં. ૦-૨-૦

૫૭ નવા સાથિયા—દિવાળીના દિવસોમાં પોતાનું આંગણું દીપાવવા માટેના સુંદર અનેક નમુના આમાં આપ્યા છે. કિં. ૦-૨-૦

૫૮-૫૯ વીર તારા—(બે ભાગમાં) તોડાની વીરાંગનાનું પ્રેરણાત્મક ચરિત્ર. પૃષ્ઠ ૪૦૦ ગ્લેઝ કાગળ. કુલ કિં. ૨-૪-૦

૬૦ ગોરમાનાં ગીતો—ગોરામાં ગવાતાં ગીતોનો સંગ્રહ કિં. ૦-૧-૦

૬૧ મેડમ ઉમીડા—(નીહિલિસ્ટોના પંજામાં) આ એક રસિક રૂશિયન વાર્તા છે જેમાં મેડમ ઉમીડા નામની એક સ્ત્રી ઘણાં જ હેરત ભરેલાં તેમજ બુદ્ધિ-ચરાતનનાં કામો કરે છે. ૦-૧૨-૦

૬૨ સામાજિક વાતો. ભાગ ૨.—લેખક શ્રી રમાકાન્ત દ્વિવેદી. આમાં આપણા આધુનિક સમાજને સ્પર્શતી અને તેનાં જુદાં જુદાં દૃષ્ટિકોણ રજુ કરતી રસિક નવલિકાઓ આપેલી છે. ૦—૩—૦

૬૩ ગુણીયલ ગૃહિણી—સારી ગૃહિણી કોણ? પોતે ભપકાદાર સાડી પોલકાં પહેરીને ઠેર ઠેર ભાષણો કરતી ફરે તે? કે પોતે આત્મભોગ આપીને પોતાનાં અને પોતાની આસપાસનાંઓને સુખી કરવા પ્રયત્ન કરે તે? આ પ્રશ્ન સમાજનો સનાતન પ્રશ્ન છે. તેને વિશે વિચારો જગાડતી આ નાનકડી નવલિકા ખરેખર વાંચવા અને વંચાવવા જેવી છે. ૦—૧—૦

૬૪ સ્ત્રી સ્વાતંત્ર્ય—સ્વતંત્રતાના અંધ ખ્યાલોમાં અથડાતી એક યુવતી આખરે ઠોકરો ખાઇને કેવી રીતે પાછી સાચા માર્ગ ઉપર આવે છે તેનું આ નવલિકામાં શ્રી રમાકાન્ત દ્વિવેદીએ સરસ આલેખન કર્યું છે. કિં. ૦—૧—૦

૬૫ દક્ષિણી રાંધણકળા—મહારાષ્ટ્રમાં બનતી રસોઇની વાનીઓ કેવી રીતે બનાવવી તેનું આ પુસ્તક ગુજરાતમાં વસતી એક ચતુર દક્ષિણી બહેને લખેલું છે. કિં. ૦—૩—૦

૬૬ સતી જસમા—પતિવ્રતની ખાતર પ્રાણ આપનારી આ વીર નારીની જીવનકથા સરળ, સાદી ને રસઝરતી બાનીમાં આલેખી છે. કિં. ૦—૬—૦

૬૭ સંસાર દર્શન-સંસારમાં ડગલે ને પગલે અનેક મુંઝવતા પ્રશ્નો આવી પડે છે. આ પ્રશ્નોને જુદી જુદા નજરે ટુંકી ટુંકી વાતોમાં નીરખીને વણી લીધા છે. કિં. ૦—૬—૦

૬૮ ભૂમિમાતા—આનંદમઠ—વંદેમાતરમ રાષ્ટ્રગીતના ઉદ્ભવ સ્થાન રૂપ, નિર્મળ દેશભક્તિની અપૂર્વ પ્રેરણા આપતું સ્વ. સાક્ષર શ્રી બંકીમચંદ્રનું લખેલું આ પુસ્તક એકેએક હિંદીએ પુરૂષે વાંચવા જેવું છે. નવી આવૃત્તિ—કિં. ૧—૦—૦

૬૯ બાળવિધવા—બાળવિધવા એ ગુજરાતના ઉચ્ચ સમાજનું દયામણું પ્રાણી છે. એના પ્રત્યે દરેક સહૃદય માણસ સહાનુભૂતિથી જુએ છે. અને ઘણાક સંસ્કારી યુવકો તો તેનો હાથ ઝાલી સુખી કરવાની ધગશ ધરાવે છે. એવી બે બાલિકાઓએ પોતાનો માર્ગ કેવી રીતે કરી લીધો તેનો ચિતાર આમાં છે. કિં. ૦—૨—૦

૭૦ સાચાં સહોદર—ભાઇ બ્હેનનાં પ્રેમની અદ્ભુત ઝાંખી કરાવતી આ નવલકથા વાંચતાં હૃદયને હલમલાવી નાંખે છે. ૧—૮—૦

સ્રીશક્તિ ગ્રંથમાળા વિશે

પ્રશંસાના ઉદ્ગારો.

સ્ટવનું શાસ્ત્ર—લોહાણા હિતેચ્છુના તંત્રીજી લખે છે—

આ પુસ્તકમાં સ્ટવના જુદા જુદા ભાગો, તેનું કાર્ય તથા સ્ટવ વાપરવાની કળા સર્વગ્રાહી ભાષામાં સ્પષ્ટપણે સમજાવી છે.

રઝીયા બેગમ—વિશે એમ્પાયરના તંત્રીજી લખે છે—

દિલ્હીની ગાદી ઉપર પહેલવહેલી જે સુલતાના થઈ ગઈ તે વીર નારી રઝીઆનું આ જીવનચરિત્ર બહાર પાડીને સ્રી સાહિત્ય મંદિરે ઘણી સારી સેવા બજાવી છે. લેખકોએ આ પુસ્તક ખરેખર પોતાનાં ઘરની સ્રીઓને વંચાવવુંજ જોઈએ, જેથી તેમને ખ્યાલ આવે કે સ્રીઓ પણ આવી મોટી પાદશાહત ચલાવી શકે છે ખરી...

આરોગ્ય અને સુખ—વિશે પ્રજાબંધુ લખે છે—

સ્રીઓએ પોતાના તેમજ કુટુંબના આરોગ્યની સાચવણી કેવી રીતે કરવી તે વિશે પત્રો દ્વારા સારી માહિતી આપવામાં આવી છે.

સખીના પત્રો—વિશે પ્રતાપના તંત્રીજી લખે છે—

આ પ્રકારની પત્રમાળા કદાચ આપણી ભાષામાં આ પ્રથમજ છે; ને તે માટે લેખક અને પ્રકાશકને ધન્યવાદ ઘટે છે.

પારસી લગ્નગીતો—વિશે ફુરસદના તંત્રીજી લખે છે—

આ જમાનો જ અજાયબીનો છે. અને તેથી એમાં એક વધુ આ અજાયબી જોવાય છે કે પારસી લગ્નગીત અને ગરબાની ચોપડી વર્ષો થયાં કોઈ પારસીએ નહિ બહાર પાડી, પણ આખરે એક હિંદુ પ્રકાશકેજ તે બીડું ઝડપ્યું. ખચીત એમ કરી સ્રી શક્તિ મંદિરે પોતાના નામને જેબ આપનારું કામ કર્યું છે...

સ્ત્રીશક્ત ગ્રંથમાળા વિશે પ્રશંસાના ઉદ્ગારો.

માંદગી અને માવજત—વિશે મુંબાઈ સમાચાર લખે છે—

આપણે સ્ત્રીઓની સ્વતંત્રતા ને સમાનતા વિશે ગમે તેવી વાતો કરીએ, છતાં સ્ત્રીઓમાં જે નૈસર્ગિક કળા છે તેને પુરુષો કદિ પહોંચી શકવાના નથી. તેમાંની એક કળા તે નર્સીંગ છે— દરેકે દરેક સ્ત્રીના હાથમાં આ પુસ્તક મૂકાય તો તેથી તેને એ વિષયનું સારૂં જ્ઞાન પ્રાપ્ત થાય એ નક્કી છે.

પ્રજાબંધુના તંત્રીજી લખે છે—

ઘરમાં સ્ત્રીને માંદાની માવજતનું જ્ઞાન હોય તે હિંદુ સમાજમાં ખૂબ જરૂરનું છે. એ જોતાં તેમની દૃષ્ટિએ લખાયલું આ પુસ્તક કિંમતી થઇ પડશે.

રઝીયા બેગમ—વિશે પુસ્તકાલયના તંત્રીજી લખે છે—

આ પુસ્તકમાં તેરમી સદીની આ સુલતાનાનો સરસ પરિચય અપાયો છે...લેખન શૈલી વખાણવા જેવી છે.

ગૃહવિવેક—વિશે તેઓ લખે છે—


વાર્તાઓ બોધક છે. સ્ત્રીઓ માટે પુસ્તક મઝાનું ને આવકારપાત્ર છે. મહિલા પુસ્તકાલયો જરૂર ખરીદે.

સખીના પત્રો—વિશે લોહાણા હિતેચ્છુના તંત્રીજી લખે છે—

આ ઉપયોગી પત્રમાળાને પુસ્તકનું રૂપ આપી સ્ત્રી સા. મંદિરના સંચાલકોએ વર્તમાન જગતને પોતાની એક ઉણપનું જ્ઞાન આપ્યું છે. આવાં પુસ્તકોનો વધુ પ્રચાર કરવાની સૂચના સાથે લેખક તથા પ્રકાશકને અભિનંદન.

દેશબંધુ પ્રેસ—સુરત.

ભરત ગુંથણ



આ વિષયના પુસ્તકને વખાણના શબ્દોની શી જરૂર છે? માત્ર દશ આનાની કિંમતમાં આવું પુસ્તક બીજું કોઈ મળે તેમ નથી. એનાથી તમે આપોઆપ ઉપરની બેઉ કળા શીખી જશો. બાર આનાની ટીકીટ બીડી મંગાવો.

શ્રીશક્તિ કાર્યાલય, કેળાંપીઠ, સુરત.

સ્ત્રીશક્તિ-ગ્રંથમાળા

૧	વંધ્યા	૦-૪
૨	કાકી ,,	૦-૩
૩	કાયદામાં સ્ત્રીનું સ્થાન	૦-૩
૪	અર્ધાંગના (વાર્તા)	૦-૪
૫	ગૃહવ્યવસ્થાની વાતો	૦-૬
૬	ખાયણાં (લોકગીત)	૦-૫
૭	બલિદાન (પ્રેરક વાતો)	૦-૫
૮	ભવાટવી	૦-૪
૯	મા (વાર્તા)	૦-૪
૧૦	જયાના પત્રો	૦-૬
૧૧	પતિની પસંદગી	૦-૪
૧૨	લીલીની આત્મકથા	૦-૩
૧૩	ક્રોધ	૦-૪
૧૪	પારસી વાનીઓ	૦-૬
૧૫	વિધવા (વાર્તા)	૦-૫
૧૬	કોને પરણું ? (વાર્તા)	૧-૪
૧૭	સુઘડતા ને સુંદરતા	૦-૮
૧૮	હાસ્ય ફુવારો	૦-૮
૧૯	ભૂતના ભડકા (વાર્તા)	૧-૮
૨૦	વિષવૃક્ષ ,,	૧-૮
૨૧	હાસ્ય કલાપ (રમુજી)	૧-૮
૨૨	દેવી ચૌધરાણી	૧-૮
૨૩	વીર રોઝા	૧-૦
૨૪	હાસ્ય ઝરણાં (રમુજી)	૧-૮
૨૫	"જરા સહી મૂકજો"	૧-૦
૨૬	રાસરજની	૧-૧૨
૨૭	જીવનપલટો (વાર્તા)	૦-૧
૨૮	સુખી ઘર (બોધક)	૦-૩
૨૯	ભરત ગુંથણ	૦-૧૦
૩૦	ચોર્યાસીનું ચક્કર	૦-૧
૩૧	રઝીયા બેગમ	૦-૩
૩૨	ગૃહવિવેક	૦-૬
૩૩	સખીના પત્રો	૦-૮
૩૪	રૂપનું શાસ્ત્ર	૦-[illegible]
૩૫	સ્ત્રી હૃદય	૦-[illegible]
૩૬	માતૃપ્રેમ	૦-૪
૩૭	પારસી લગ્ન ગીતો	૦-૬
૩૮	દામ્પત્ય જીવન	૨-૯
૩૯	વહેમી પતિ	૦-૩
૪૦	આરોગ્ય અને સુખ	૦-૬
૪૧	સામાજિક વાતો	૦-૪
૪૨	રમુજી વાતો	૦-૪
૪૩	ભલી ભાભી	૦-૧
૪૪	પતિ પ્રભુ છે	૦-૧
૪૫	મોંઘી-માવજત	૦-૪
૪૬	વાતનું વતેસર	૦-૧
૪૭	ઘરેણાંનો શોખ	૦-૧
૪૮	પારસી સતીઓ	૦-૬
૪૯	એકાદશી	૦-૧
૫૦	રાણકદેવી	૦-૧

બીજાં પણ એકવીસ પુસ્તકો બહાર પડયાં છે.

સૂચિપત્ર માટે લખો:— સ્ત્રીશક્તિ, ડેળાપીઠ, સુરત.